Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

દંસણ મૂલો ધમ્મો

# આત્મધર્મ

આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

તંત્રીઃ– જગજીવન બાવચંદ દોશી, કુંડલા


સંપાદકઃ બ્ર. હરિલાલ જૈનઃ સોનગઢ

## –તે શું–શું નહીં કરે ?

જેમ બાહ્યવિષયોમાં સુખ માનનારા જીવો તે–તે વિષયોની પ્રાપ્તિ માટે શું–શું નથી કરતા ? દિનરાત તેમાં લાગ્યા રહે છે. તો જેણે આત્મસ્વરૂપમાં જ સુખ ભાસ્યું છે તે જીવ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે શું–શું નહિ કરે ? દિન–રાત સતત ઉદ્યમ વડે પરિણામને આત્મામાં જોડીને તે જરૂર આત્મિક સુખને અનુભવશે.

| | |
|---|---|
| વીર સં. ૨૪૯૨ | મહા |
| વર્ષ ૨૩ | અંક-૪ |

(૨૬૮)



“જગતમાં ગમે તે બનો.........
હું તો મારી આત્મસાધનામાં લીન છું,
દુનિયાથી અલિપ્ત !”

# જૈનશાસનમાં નિશ્ચય-વ્યવહાર

ગુરુદેવે બતાવેલો જૈનશાસનનો આ ટૂંકો નીચોડ છે–
જેના મનનથી હજારો પ્રશ્નોનો ઉકેલ થઈ જાય છે. –સં.

* નિશ્ચય–વ્યવહાર બંનેની સંધિપૂર્વકની વીતરાગવાણી જૈનશાસનમાં જ છે.

* એ વીતરાગની વાણી વસ્તુની સ્વતંત્રતાને જાહેર કરે છે, અને સહકારી અનેક નિમિત્તોને પણ જાહેર કરે છે.

* ઉપાદાન અને નિમિત્ત એ બંનેને સ્વીકારવા અને છતાં બંનેની સ્વતંત્રતા સ્વીકારવી, એવી નિશ્ચય–વ્યવહારની સંધિ વીતરાગી જિનમાર્ગમાં જ હોય.

* શુદ્ધ આત્મદ્રવ્ય અખંડ તે નિશ્ચયસમ્યક્ત્વનો વિષય, તેની સાથેનું વ્યવહારસમ્યક્ત્વ દેવ–ગુરુ–શાસ્ત્રને, છએ દ્રવ્યોને, તેના ગુણ–પર્યાયોને, બંધ–મોક્ષને, નિમિત્તોને, એ બધાને સ્વીકારે છે. આવો સમ્યગ્દર્શનનો નિશ્ચય–વ્યવહાર જૈનશાસનમાં છે.

* છએ દ્રવ્યો પોતપોતાના ગુણ–પર્યાયનું મૂળ કારણ છે, ને તે જ ઉપાદાન છે, અન્ય પદાર્થ તો બહિરંગ સહકારીકારણ છે. શુદ્ધઆત્મા તે નિશ્ચયથી સમ્યક્ત્વનું ઉપાદાન છે, ને બાહ્યપદાર્થો–છદ્રવ્યો–નિમિત્તો તે બધા વ્યવહારસમ્યક્ત્વના વિષયો છે, વ્યવહારસમ્યક્ત્વ તે બધાને સ્વીકારે છે, પણ નિશ્ચયસમ્યક્ત્વ શુદ્ધસ્વદ્રવ્યને જ નિર્વિકલ્પપણે સ્વીકારીને તેમાં જ એકત્વ કરે છે.

* નિશ્ચય વ્યવહાર બંનેના વિષયો એક સાથે જણાવીને વીતરાગની વાણી નિશ્ચયના વિષયભૂત શુદ્ધઆત્માનો જ આદર કરાવે છે, કેમકે સમ્યગ્દર્શનાદિને માટે તે શુદ્ધઆત્મા જ ઉપાદેય છે. અને ઉપાદેય કરવાથી જ સમ્યગ્દર્શનાદિ થાય છે.

* નિશ્ચય–વ્યવહારનું આવું વીતરાગી રહસ્ય પ્રકાશનાર જૈનશાસન જયવંત વર્તો.

( પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી )

* * *

આપનાં બાળકોને નાનપણથી જ ધર્મનો રંગ લગાડવા, અને ઉચ્ચ સંસ્કારોનું સીંચન કરવા માટે આપના ઘરમાં ‘આત્મધર્મ’ મંગાવો. આપનાં બાળકોને બાલવિભાગના સભ્ય બનાવો.

# નિજદ્રવ્ય અને પરદ્રવ્ય

( પરમાત્મપ્રકાશ, ગા. ૧૧૩ )

*

દેહાદિ પરદ્રવ્યની પ્રીતિ છોડીને શુદ્ધચૈતન્યમય સ્વદ્રવ્યમાં તું તારી મતિને જોડ. કેમકે જે તરફની મતિ તે તરફની ગતિ; એટલે જેની તું રુચિ કરીશ તેના જેવું તારું પરિણમન થશે. શુદ્ધસ્વભાવની રુચિ કરતાં તારી પર્યાયમાં શુદ્ધતાનું પરિણમન થશે. માટે પરદ્રવ્યનો પ્રેમ છોડીને તું સ્વદ્રવ્યનો પ્રેમ કર.

અહીં શિષ્ય પૂછે છે કે–પરદ્રવ્યનો પ્રેમ છોડવાનું આપે કહ્યું, તો પરદ્રવ્ય શું છે? ને સ્વદ્રવ્ય શું છે? તે ઓળખાવો. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત સુખ ને અનંત વીર્ય–એવા અનંત ચતુષ્ટય સ્વભાવથી ભરેલો આત્મા તે સ્વદ્રવ્ય છે, ને એ સિવાયના અન્ય પાંચ જડ દ્રવ્યો તે પરદ્રવ્ય છે, તેમજ રાગદ્વેષમોહાદિ જે વિકારીભાવો છે તે પણ ખરેખર પરદ્રવ્ય છે, તેનો સંબંધ જો કે જીવ સાથે છે તોપણ ખરેખર તે સ્વદ્રવ્યનો સ્વભાવ નથી, એટલે તે પણ પરદ્રવ્ય છે. આવા પરદ્રવ્યની પ્રીતિ તું છોડ, ને અનંતચતુષ્ટયથી ભરેલા સ્વદ્રવ્યની પ્રીતિ તું કર.

ભાઈ, તારું સ્વદ્રવ્ય શું? તારું નિજસ્વરૂપ શું? તારા આત્માનો વૈભવ શું?–કે જેને જાણતાં આનન્દ થાય,–તે સન્તો તને દેખાડે છે. અરે, તારા સ્વદ્રવ્યને તેં કદી ઓળખ્યું નહિ. સ્વદ્રવ્યને ન ઓળખે એટલે પરદ્રવ્યને પણ ખરેખર ઓળખે નહિ. કેમકે ખરેખર જે પરદ્રવ્ય છે, જે સ્વદ્રવ્ય નથી તેને સ્વદ્રવ્ય માની લીધું–તો તેને સ્વદ્રવ્ય–પરદ્રવ્યની વહેંચણી કરતાં આવડતી નથી.

શરીરાદિ જડને તો આત્માથી જાુદું ઝટ માને, પણ અંદરના ભાવકર્મ–રાગાદિ તે પણ આત્માનું સ્વદ્રવ્ય નહિ, આત્માનું સ્વદ્રવ્ય તો જ્ઞાનાદિ અનંતગુણસ્વરૂપ છે,–ને એનાથી ભિન્ન બીજાું બધું પરદ્રવ્ય છે–એમ અજ્ઞાની ઓળખતો નથી. હે આત્મા! જ્ઞાનસ્વરૂપ તારો આત્મા રાગરૂપ નથી. તારું તો ‘જ્ઞાન’ છે, જ્ઞાનથી ભિન્ન કોઈ પદાર્થ તારો નથી. માટે જ્ઞાનસ્વરૂપ આત્માની પ્રીતિ કર.

આત્માની આવી પ્રીતિનું કેટલું સામર્થ્ય છે? તે હવે કહે છે.

# આત્મપ્રીતિનું સામર્થ્ય

## જે સમસ્ત પાપોને અર્ધા નિમેષમાં ભસ્મ કરી નાંખે છે

*

(પરમાત્માપ્રકાશ, ગા. ૧૧૪)

જો કોઈ જીવ માત્ર અર્ધો નિમેષ પણ પરમાત્મતત્ત્વમાં પ્રીતિ કરે તો તે પ્રીતિ સમસ્ત પાપસમૂહને એવી રીતે ભસ્મ કરી નાંખે છે કે જેવી રીતે અગ્નિકણિકા લાકડાના પહાડને ભસ્મ કરી નાંખે.–શુદ્ધઆત્માની પ્રીતિનું આવું મહાન સામર્થ્ય જાણીને, હે જીવ! તું તેની પ્રીતિ કર...ને સદાય તેની ભાવના ભાવ.

અડધો નિમેષ એટલે કે આંખ મીંચીને ઉઘાડે એના કરતાં પણ અડધો વખત; એટલો સમય પણ જે જીવ અંતર્મુખ થઈને આ પરમાત્મતત્ત્વની પ્રીતિ કરે છે તે જીવ ધ્યાનાગ્નિવડે સમસ્ત કર્મોને બાળી નાખે છે. રુચિના બળે જ્યાં ક્ષણમાત્ર પણ સ્વરૂપનું ધ્યાન કર્યું ત્યાં અનંતા કર્મો બળીને ખાખ! જુઓ, આ શુદ્ધાત્માના પ્રેમનો મહિમા! શુભરાગના પ્રેમવડે અનંતકાળથી જે હાથમાં ન આવ્યું, તે શુદ્ધાત્માની પ્રીતિવડે આંખના ટમકારમાં હાથ આવશે. જ્યાં રુચિની દિશા પલટાવીને સ્વદ્રવ્ય સન્મુખ થયો ત્યાં સ્વતત્ત્વમાં એકાગ્રતાવડે પરમ આનંદ પ્રગટે છે, ને રમતમાત્રમાં સર્વે કર્મો નષ્ટ થઈ જાય છે. સ્વરૂપની કેલિમાં આનંદ કરતો કરતો અલ્પકાળમાં તે કેવળજ્ઞાન લેશે. ચૈતન્યની કોઈ એવી અચિંત્ય તાકાત છે કે તે એક ક્ષણમાં કેવળજ્ઞાન લ્યે. જેની એક ક્ષણની પ્રીતિમાં આટલી તાકાત તે સ્વભાવના મહિમાની શી વાત?

અનંતકાળથી નહિ પ્રાપ્ત કરેલી આત્માની ઋદ્ધિ તારે પ્રાપ્ત કરવી હોય તો બહારની બધી ઋદ્ધિનો ને બહારના જાણપણાનો ગર્વ છોડીને, ચૈતન્યસ્વરૂપ આત્માની પ્રીતિ કર. આત્મા તો બેહદ આનંદનો નિધાન છે, એનામાં તો પરમ ચૈતન્યરસ ને આનંદરસ ભર્યો છે. સોનું બનાવવાની ઋદ્ધિની કે બીજી કોઈ ઋદ્ધિની આ ચૈતન્યઋદ્ધિ પાસે કાંઈ કિંમત

નથી. જેને એવી બહારની ઋદ્ધિનું કે વકતૃત્વનું, કવિત્વનું, શાસ્ત્ર બનાવવાનું અભિમાન છે, એનાવડે પોતાની મહત્તા ભાસે છે તેને ચૈતન્યની મહત્તા ભાસતી નથી; એટલે તેને આત્માની ખરી પ્રીતિ જાગતી નથી. ભાઈ, જો તારે આત્માની પ્રીતિ કરવી હોય તો અન્ય સમસ્ત ઋદ્ધિની કે બહારનાં ડહાપણની પ્રીતિ છોડ, ને નિર્વિકલ્પ સમાધિવડે અંતરમાં તારા આત્મતત્ત્વને દેખીને તેની પ્રીતિ કર. અંતરમાં નજર કરતાં જ આઠે કર્મરહિત તારું શુદ્ધસ્વરૂપ તને દેખાશે. એની પ્રીતિવડે તારો મોહ ક્ષણમાં છૂટી જશે, કર્મો ક્ષણમાં ભસ્મ થઈ જશે ને પરમ આનંદનો અનુભવ થશે; ને એના ધ્યાનમાં એકાગ્ર થતા અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થશે.

આત્માની પ્રીતિનું આવું ઉત્તમ ફળ છે એમ જાણીને, હે જીવ! બીજી સમસ્ત ચિન્તાઓ છોડીને તું આત્મસ્વરૂપનું ચિંતન કર. અરે, મારા આનંદસ્વરૂપમાં આ કલેશ શો? આ ચાર ગતિના દુઃખ શા! –આમ જો તને ચાર ગતિનાં દુઃખનો ડર લાગ્યો હોય ને આત્મિક આનંદની જિજ્ઞાસા જાગી હોય તો લોકસંબંધી સમસ્ત ચિન્તા છોડીને તારા આત્મસ્વરૂપનું ચિન્તન કર....તારા અચિંત્ય–અપાર મહિમાને લક્ષગત કરીને અનુભવમાં લે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, જગતના પદાર્થો પ્રમેયસ્વભાવી છે; તે પદાર્થો તારા જ્ઞાનમાં પ્રમેય થાય એવો તેનો સ્વભાવ છે ને તારું જ્ઞાન એને જાણે એવો તારો સ્વભાવ છે; પણ એ પદાર્થો તને રાગ–દ્વેષ કરાવે એવો સ્વભાવ એનામાં નથી, ને એને જાણતાં રાગદ્વેષ કરે એવો સ્વભાવ જાણનારમાં નથી. બસ, ‘જ્ઞાન’ માં તો વીતરાગતા જ છે. જે રાગદ્વેષ થાય છે તે જ્ઞાનમાં નથી, જ્ઞાનથી બહાર છે.

*****

## સમ્યગ્દર્શન ભાગ ૧-૨-૩

છ રૂપિયાની કિંમતના આ ત્રણ પુસ્તકોનો સેટ માત્ર બે રૂપિયામાં અપાય છે. થોડી જ નકલો બાકી છે.

# ✽ સુખી કોણ ? ✽

## ( પરમાત્મપ્રકાશ, ગા. ૧૧૭-૧૧૮ )

## ( આત્મિકસુખની ઉર્મિ જગાડનારું સુંદર પ્રવચન )

બાહ્ય વિષયોના સંગમાં પડેલા, ને તીવ્ર મોહરૂપી અગ્નિથી દગ્ધ એવા બધા જીવો આ સંસારમાં દુઃખી છે; વિષયસંગથી રહિત આત્મલીન નિર્મોહી મુનિવરો જ સુખી છે. મુનિઓના પેટામાં સમ્યગ્દ્રષ્ટિને પણ સુખ છે તે સમજી લેવું.

આનંદસ્વરૂપ આત્માના સ્વસંવેદનથી જે આનંદ ધર્માત્માને આવે છે, વિષયસંગમાં પડેલા અજ્ઞાનીને તે આનંદનો આભાસ પણ નથી.

બહિર્મુખ વિષયોમાંથી સુખબુદ્ધિ હટાવીને, ધર્મીજીવે આનંદસ્વરૂપ આત્મામાં પ્રવેશ કર્યો છે, ત્યાં તેને વિષયો વગરનું સહજ–સ્વાભાવિક આત્મસુખ વેદાય છે, તે સુખ જગતના કોઈ વિષયોમાં નથી; તે સુખ તો સિદ્ધ ભગવંતોની જાતનું છે.

ઇન્દ્રના વૈભવનો ભોગવટો કરે છે તે જીવ સુખી છે–એમ નથી; સુખી તો તે જ છે કે જે જીવ અંતર્મુખ થઈને ચૈતન્યના નિજવૈભવનું વેદન કરે છે.

**સુખિયા જગતમાં સંત......દુઃખિયા દુર્જનિયા રે......**

સત્સ્વરૂપ આત્મામાં જ રમી રહ્યા છે તે સંતો જગતમાં સુખીયા છે, ને આત્માને ભૂલીને વિષયકષાયોની ચિન્તામાં જે પડયા છે એવા દુર્જનો દુઃખીયા છે. ચોથા ગુણસ્થાનવાળા સમકિતી તે પણ સંત છે. તે સંત અનંતસુખના ધામ એવા નિજસ્વરૂપને જાણીને તેને સદા ઉપાદેયપણે ધ્યાવે છે.

શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે–

સુખધામ અનંત સુસંત ચહી, દિનરાત રહે તદ્ ધ્યાનમહીં,

અનંત સુખનું ધામ એવું જે નિજસ્વરૂપ–તેને ચાહીને, તેની પ્રીતિ કરીને, તેનાં શ્રદ્ધા જ્ઞાન કરીને, સંતો દિનરાત તેના ધ્યાનમાં મશગુલ રહે છે, ને એના ધ્યાનમાં એને

આનંદની ધારા વહે છે. અહા, અનુભવના આનંદની જગતના બાહ્યવિષયોમાં ગંધ પણ નથી. આવા આનંદનો અનુભવ જેને થાય તેને મોક્ષમાર્ગ થયો કહેવાય. મોક્ષમાર્ગ કહો કે આનંદનો અનુભવ કહો.

**‘આનંદ’ માં મોક્ષમાર્ગ સમાય છે, ‘દુઃખ’ માં બંધમાર્ગ સમાય છે.**

**મોક્ષમાર્ગ તો આનંદના વેદનરૂપ છે, બંધમાર્ગ તો દુઃખરૂપ છે.**

પૂર્ણઆનંદસ્વરૂપ મોક્ષ, તેના કારણરૂપ જે મોક્ષમાર્ગ છે તે પણ આનંદરૂપ છે. સંસાર દુઃખરૂપ છે, તેના કારણરૂપ ભાવ પણ દુઃખરૂપ છે. મોક્ષમાર્ગી મુનિવરો મહા આનંદરૂપ છે, આનંદને અનુભવતા અનુભવતા તેઓ મોક્ષમાં ચાલ્યા જાય છે.....આનંદમાં રમતા રમતા મોક્ષને સાધે છે. એ મુનિપણામાં દુઃખ નથી. મુનિપણામાં જેને દુઃખ લાગે તેણે મોક્ષમાર્ગને જાણ્યો નથી. મુનિપણું એટલે તો છૂટકારાનો માર્ગ, એમાં તે દુઃખ હોય કે સુખ? અતીન્દ્રિય સુખમાં જે ઝુલે એનું નામ મુનિ છે. મુનિ તો અનંતસુખના ધામ એવા નિજાત્મામાં લીન થઈને આનંદના ઝરણાંને પીએ છે.

દુઃખ તો મોહનું છે; જેને મોહ નથી તેને દુઃખ કેવું? નિર્મોહી જીવ સુખી છે. મુનિઓને તો કેટલું દુઃખ?–એમ અજ્ઞાનીને લાગે છે, કેમકે એને પોતાને સંયોગમાં સુખબુદ્ધિ છે, એટલે સંયોગ વગરના મુનિ જાણે દુઃખી હશે એમ એને લાગે છે. એણે નથી તો મુનિને ઓળખ્યા, કે નથી મોક્ષમાર્ગને જાણ્યો. અરે ભાઈ, વિષયો તરફની મૃગતૃષ્ણાવાળા જીવો તો મોહાગ્નિમાં બળી રહ્યા છે, તે તો દુઃખી છે ને મુનિવરો બાહ્ય સામગ્રી વગર પણ નિજસ્વરૂપના નિરાકૂળ આનંદને વેદી રહ્યા છે, સુખના દરિયામાં ડૂબકી મારી છે, એના જેવું સુખી આ જગતમાં બીજું કોઈ નથી.

પોતાના સ્વરૂપમાં જે આનંદ ભર્યો છે તેને જ્યાંસુધી ન પહોંચી વળે ત્યાંસુધી જીવને સુખી કેમ કહેવાય? સુખ જેણે જોયું નથી, આનંદસ્વભાવ જેણે અવલોક્યો નથી તેને સુખ કે આનંદ ક્યાંથી થાય? એને મોક્ષમાર્ગ ક્યાંથી પ્રગટે? અનુકૂળ સંયોગવડે હું સુખી છું એમ જે માને છે તે જીવ પોતાના સુખસ્વભાવનો અનાદર કરે છે; સંયોગથી હું સુખી એનો અર્થ એ કે મારામાં સુખ નથી,–આવી બુદ્ધિવાળા જીવને આત્માનું સુખ કદી મળે નહિ, તે સુખને માટે બાહ્યવિષયોમાં ઝાવાં નાખ્યા કરે ને દુઃખી જ થયા કરે સુખી તો ત્યારે જ થાય કે બાહ્યવિષયોથી વિમુખ થઈને આત્મસ્વરૂપમાં ઊતરે.

ભાઈ, તારે સુખી થવું હોય તો તારા જ્ઞાનમાં પરમાત્માને વસાવ; તારા જ્ઞાનમાં બાહ્યવિષયોને ન વસાવ. આનંદ તો તારું સ્વરૂપ છે, એમાં વિષયોની જરૂર ક્યાં છે?

તેથી તો કહે છે કે હે જીવ ! સુખ અંતરમાં છે, બહારમાં ન શોધ. જગતને રાજી કરવામાં, ને જગતથી રાજી થવામાં જીવે અનંતકાળ ગુમાવ્યો, પણ એમાં કિંચિત્ સુખ નથી, અંતર્મુખ રુચિવડે તારા આત્માને રાજી કર, ને આત્માના સ્વભાવથી જ તું રાજી થા, તો તને સાચું સુખ અનુભવાશે. સંયોગવડે રાજી ન થા, રાગવડે રાજી ન થા, આનંદના ભંડાર તારામાં ભર્યા છે તેના વડે તું રાજી થા, પ્રસન્ન થા, આનંદિત થા.

ચૈતન્યનું સુખ જેણે દેખ્યું તે ધર્માત્મા જગતના કોઈ વિષયોમાં લલચાતા નથી. ચૈતન્યમાં અનંતસુખના ભંડાર ભર્યા છે તે ધર્મીને એવા લલચાવે છે કે ધર્મી તેનો જ સ્વાદ લેવામાં મશગુલ થાય છે અનંતસુખના ધામમાં જે લલચાયા તે સંસારના કોઈ વિષયસુખોથી લલચાય નહિ. સંસારના પદાર્થોની લાલસા એને છૂટી ગઈ ને ચૈતન્યના આનંદના અનુભવની ઉત્કૃષ્ટ લાલસા ( પ્રીતિ ) જાગી, તેમાં મશગુલ થઈ–એકાગ્ર થઈ અતીન્દ્રિય આનંદને અનુભવે છે. તે જ સુખી છે.

તીર્થંકર જિનવરોને મુનિદશામાં જેવો નિર્વિકલ્પ આનંદ આવ્યો એવો જ આનંદ નિર્વિકલ્પ સમાધિમાં ધર્મી જીવો અનુભવે છે. નિજ શુદ્ધાત્માના દર્શનથી જે પરમ અદ્‌ભુત સુખ જિનવરોને મુનિદશામાં હોય છે તે સુખ વીતરાગભાવનામાં પરિણત મુનિઓ નિજ શુદ્ધાત્માને જાણતા થકા અનુભવે છે, ને સમ્યગ્દૃષ્ટિ પણ સ્વાનુભવમાં એવા જ સુખને અનુભવે છે.

જુઓ, તીર્થંકરનાં ઉત્તમ પુણ્ય ને ઉત્તમ સામગ્રી, પણ તેમને તેનું કાંઈ સુખ નથી, સુખ તો તેમને પોતાના સ્વભાવમાં એકાગ્રતાનું છે. સંયોગનું જેટલું લક્ષ છે તેટલી તો તીર્થંકર થનાર જીવને પણ આકુળતા છે, ને જ્યારે તે પોતાના સ્વભાવમાં લીન થાય છે ત્યારે વીતરાગભાવનામાં તેમને પરમસુખ અનુભવાય છે. તીર્થંકરના આનંદનો દાખલો આપીને કહે છે કે જે જીવ નિજસ્વરૂપમાં લીન થાય છે તે જીવને તીર્થંકર જેવું જ સુખ થાય છે. સ્વરૂપમાં લીન થતાં તીર્થંકરને વધુઆનંદ ને બીજાને થોડો આનંદ એમ નથી. એક તીર્થંકર દીક્ષા લઈને નિજસ્વરૂપમાં લીન થાય, ને એક કઠિયારો દીક્ષા લઈને નિજસ્વરૂપમાં લીન થાય, તે બંનેને સરખો આનંદ છે, જેવો આનંદ તીર્થંકરને છે એવો જ આનંદ કઠિયારાને છે, કેમકે બંનેનો આનંદ સામગ્રીથી પાર છે, બંનેનો આનંદ સ્વભાવથી પ્રગટેલો છે. જે કોઈ જીવ નિજસ્વરૂપમાં લીન થાય તે દરેક જીવને આવો આનંદ પ્રગટે છે, તેમાં બહારની સગવડતા અગવડતાના ભેદે કાંઈ ભેદ નથી. માટે હે જીવ ! તું સામગ્રીનો મોહ છોડીને સુખના ધામ એવા તારા આત્મસ્વરૂપની રુચિ કર; અતીન્દ્રિય આનંદથી ભરપૂર ભગવાનને તારા નયનોમાં વસાવ.

એક જીવ ચક્રવર્તી થઈને પછી કેવળજ્ઞાન પામે ને બીજો જીવ સામાન્યપણાથી કેવળજ્ઞાન પામે, પણ બંનેનું સુખ સરખું છે. એક જીવ સામાન્ય કેવળીપણે મોક્ષ પામે, બીજો જીવ તીર્થંકર થઈને મોક્ષ પામે, તેથી કાંઈ બંનેના આનંદમાં જરાય ફેર નથી, આનંદ બંનેનો સરખો છે. અહો, અમે અમારા સ્વરૂપમાં જ્યારે લીન થઈને છીએ ત્યારે, દીક્ષાકાળે તીર્થંકરોએ જેવો નિર્વિકલ્પઆનંદ ધ્યાનમાં અનુભવ્યો તેવો જ આનંદ અમે અનુભવીએ છીએ. ચાર જ્ઞાનધારી જીવ જેવા આનંદને અનુભવે તેવા જ આનંદને મતિ શ્રુતજ્ઞાની પણ સ્વાનુભવમાં અનુભવે છે. આ રીતે આત્માના આનંદને અનુભવતા–અનુભવતા ધર્મી જીવ મોક્ષને સાધે છે. અજ્ઞાનીને એવા આનંદના નમુનાની પણ ખબર નથી. સમ્યગ્દર્શન થતાં એવા આનંદનો નમુનો અનુભવમાં આવી જાય છે, સિદ્ધના ને એના આનંદની એક જ જાત છે. આવો જેને અનુભવ છે તે જ જીવ સુખી છે.

## એક મંત્ર

અશાંતિથી ભરેલી આ દુનિયામાં એક ચૈતન્યતત્ત્વ જ શાંતિનું ધામ છે. અનિત્યતાના ને અશાંતિના બનાવો તો જગતમાં સદાય બની જ રહ્યા છે. હાલમાં રોજ–બરોજ ઝડપભેર એવા મોટા બનાવો બની રહ્યા છે કે જે સારાય રાષ્ટ્રને અસર કરે છે ને સંસારનું અસારપણું તથા ક્ષણભંગુરપણું જોરશોરથી પ્રસિદ્ધ કરી રહ્યા છે,–જેનું સ્વરૂપ વિચારતાં સંસારમાંથી મુમુક્ષુનું ચિત્ત એકદમ હટીને સ્વરૂપનું શરણ શોધવા તત્પર બને છે. સંસારનું આવું અસ્થિર સ્વરૂપ જાણીને સંતો વેગપૂર્વક વૈરાગ્યપંથે વળ્યા.....ને નિજસ્વરૂપમાં ઢળ્યા. દુનિયાને 'जगदस्थिरम्' નો મંત્ર આપીને સમજાવ્યું કે, આકાશમાં કે પાતાળમાં જીવ મરણથી બચી શકતો નથી.....મરણથી બચાવનાર એક જ વસ્તુ છે...... અને તે રત્નત્રયધર્મ.

# *કિંમતી રત્નો*

( પરમાત્મપ્રકાશ, ગા. ૭૫ ના પ્રવચનમાંથી )

આત્માના શુદ્ધ ઉપયોગની સાથે રહેનાર જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર, આવા ભાવસ્વરૂપ, શુદ્ધ આત્માનું તું ચિંતન કર. જે શ્રદ્ધાએ શુદ્ધ આત્માને પ્રતીતમાં લીધો તે શ્રદ્ધાની કિંમત છે, જે જ્ઞાને સ્વસન્મુખ થઈને આત્માને જાણ્યો તે જ્ઞાનની કિંમત છે, ને જે ચારિત્ર સ્વસન્મુખ થઈને સ્વરૂપમાં ઠર્યું તે ચારિત્રની કિંમત છે.–આવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે કિંમતી છે તેથી તે ત્રણને રત્ન કહ્યાં છે; મોક્ષમાર્ગમાં તો આવા રત્નત્રય છે. એ રત્નોની જ ખરી કિંમત છે. વ્યવહારના વિકલ્પોની કે બહારનાં જાણપણાની ખરી કિંમત નથી.

ભાઈ, વિકલ્પોને સંકેલીને અંતર્મુખ નિર્વિકલ્પ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રવડે તારા આત્માને ચિંતનમાં લે. બહારના દેખેલા–સાંભળેલા–અનુભવેલા પદાર્થોને ભૂલીને, અંતરની ચૈતન્ય વસ્તુનું વિસ્મય લાવીને તેને દેખે જાણ–અનુભવ.–એ જ રત્નત્રયરૂપ સ્વસમયમાં સ્થિતિ છે. શુદ્ધ રત્નત્રય તે અતીન્દ્રિય આનંદમય છે, અતીન્દ્રિય આનંદ તેમાં નીતરે છે. આવા રત્નત્રયમાં સ્થિત, અતીન્દ્રિય આનંદ સાથે તન્મય એવો આત્મા જ ઉપાદેય છે. અભેદ રત્નત્રયવડે જ તે ઉપાદેય થાય છે, વિકલ્પવડે તે ઉપાદેય થતો નથી.

જે નિકટ મોક્ષમાગી છે, જે અભેદ રત્નત્રયના આરાધક છે તે જીવને આવો આત્મા જ ઉપાદેય છે. જે પરિણામે અંતર્મુખ થઈને આવા આત્માને પકડયો તે પરિણામની જ કિંમત છે.

જે પરિણામે શુદ્ધાત્માને પ્રતીતમાં લીધો તે શ્રદ્ધાપરિણામ એ મહા કિંમતી રત્ન છે, મોક્ષમાર્ગનું તે પહેલું રત્ન છે.

જે પરિણામે અંતરમાં વળીને શુદ્ધાત્માને પોતાનો જ્ઞેય બનાવ્યો તે જ્ઞાનપરિણામ મહા કિંમતિ છે, તે જ મોક્ષમાર્ગનું બીજાું રત્ન સમ્યગ્જ્ઞાન છે.

જે પરિણામ સ્વમાં લીન થઈને અતીન્દ્રિય આનંદમાં ઠર્યા તે પરિણામ મહા કિંમતી છે, તે મોક્ષમાર્ગનું ચારિત્ર રત્ન છે.

અહો, આવા આ રત્ન.......તેની કિંમત જગતને ભાસતી નથી. જેમાં વિકલ્પનો ડાઘ નથી એવા આ શુદ્ધ રત્નત્રયને ધારણ કરનાર જીવ અત્યંત નિકટ ભવ્ય છે. તે ચૈતન્યના અતીન્દ્રિય આનંદના ચારા ચરવામાં એવો મશગુલ છે કે ઊંચું માથું કરીને બહારમાં જોતો નથી, વિકલ્પનું ઉત્થાન અંદરમાં થતું નથી. પોતે પોતામાં લીન થઈને સ્વરૂપને વેદે છે.–એણે આત્માને ઉપાદેય કર્યો કહેવાય. ને શુદ્ધ આત્માને ઉપાદેય કરનારા આવા પરિણામ તે જ ખરા કિંમતી પરિણામ છે.

# – વૈરાગ્ય –

* વૈરાગ્યવંત જીવને રાગનાં બંધન રોકી શકતા નથી.
* વૈરાગ્યમાં અનુપમ સુખ છે.
* ‘જીવ રકત બાંધે કર્મને, વૈરાગ્યપ્રાપ્ત મુકાય છે’
* ‘સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા; અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.’
* ‘જ્ઞાનકલા જિસકે ઘટ જાગી તે જગમાંહિ સહજ વૈરાગી’
* વૈરાગ્યવંત જીવને ક્યાંય ભય નથી, તે સર્વત્ર નિર્ભય છે.
* વૈરાગ્યરુપી બખ્તર સર્વપ્રસંગે જીવને કષાયોથી બચાવે છે.
* ‘તેથી ન કરવો રાગ જરીયે ક્યાંય પણ મોક્ષેચ્છુએ....’
* સાચા વૈરાગ્ય વગર જ્ઞાનનું પરિણમન થતું નથી.
* રાગથી વિરકત થઈને પરિણતિનો વેગ સ્વભાવ તરફ વળ્યો એજ સાચો વૈરાગ્ય.
* અસ્તિ–નાસ્તિની જેમ જ્ઞાન ને વૈરાગ્ય મોક્ષમાર્ગમાં એકબીજાના જોડીદાર છે. એવા વૈરાગ્ય પરિણત સન્તોને નમસ્કાર હો.

# સાચો આત્મા ક્યારે જણાય ?

**સાચો આત્મા કેવો છે તે જીવે કદી જાણ્યું નથી. સાચો આત્મા એટલે આનંદસ્વભાવથી ભરેલો ભૂતાર્થ આત્મા, તેને અંતર્મુખઅનુભૂતિવડે જાણે તો આનંદસહિત સમ્યક્ત્વાદિ થાય છે.**

**( પરમાત્મપ્રકાશ-પ્રવચન, ગા. ૮૦ )**

જેની પરિણતિમાં પોતાના શુદ્ધઆત્માનું સ્વસંવેદન નથી તેની પરિણતિ કોઈ ને કોઈ પ્રકારે વિષયકષાયોને આધીન વર્તે છે.

મૂઢ જીવ, ભિન્ન આત્માનો અજાણ, પોતામાં તો શરીરને જ આત્મા માને છે ને એ જ રીતે સામા જીવમાં પણ શરીરને જ આત્મા માને છે, એટલે સામા આત્માની પણ સાચી ઓળખાણ તેને થતી નથી. શરીરથી કે રાગથી જ્ઞાનીને ઓળખવા તે સાચી ઓળખાણ નથી, જ્ઞાની તો જ્ઞાનપરિણતિવાળા છે. એ રીતે સર્વજ્ઞભગવાનને પણ ત્યારે જ ખરેખર ઓળખાય છે કે જ્યારે પોતે ઇન્દ્રિયાતીત થઈને પોતાના જ્ઞાનસ્વભાવને અનુભવમાં લ્યે; રાગથી ને ઇન્દ્રિયોથી પાર પોતાના જ્ઞાનસ્વભાવના અંતર્મુખ અનુભવ વગર સામા સર્વજ્ઞદેવના આત્માને કે જ્ઞાનીના આત્માને ઓળખી શકાય નહિ. આ રીતે જ્ઞાનીની કે કેવળીની સાચી ઓળખાણ જીવે કદી કરી નથી. બહિરાત્માને પોતામાં દેહબુદ્ધિ હોવાથી બીજા આત્માઓને પણ તે દેહબુદ્ધિથી જ દેખે છે.

જુઓ, આમાં એ સિદ્ધાંત આવી ગયો કે પોતાના શુદ્ધ સ્વતત્ત્વને જાણીને ઉપાદેય કર્યા વગર બીજાનું સાચું જ્ઞાન થતું નથી. અંતરની અનુભૂતિવડે જ સ્વતત્ત્વ ઉપાદેય થાય છે. ઉપાદેય એટલે સર્વ પ્રકારે આરાધવા યોગ્ય; શ્રદ્ધાથી, જ્ઞાનથી, ચારિત્રથી સર્વ પ્રકારે શુદ્ધ આત્મા જ સેવવા યોગ્ય છે, એટલે એનાથી ભિન્ન બીજા કોઈ ભાવ કોઈ પ્રકારે સેવવા યોગ્ય નથી–એમ પણ તેમાં આવી ગયું.

આત્મવસ્તુ નિત્ય છે, તેમાં આનન્દ પણ નિત્ય છે. અસંખ્ય પ્રદેશી પહોળો આત્મા સર્વ પ્રદેશે આનંદસ્વભાવથી ભરેલો છે. એમાં અંતર્મુખ થઈને તેને આરાધતાં પર્યાયમાં તે આનંદ ઉલ્લસે છે. આવો શુદ્ધ આત્મા તે જ ભૂતાર્થ આત્મા છે, ને તેના સેવનથી જ સમ્યગ્દર્શનાદિ થાય છે.

ભૂતાર્થસ્વભાવની સન્મુખ થાય ત્યારે જ સાચો આત્મા જણાય છે, પર સામે જોયે કે એકલી પર્યાય સામે જોયે સાચો આત્મા દ્રષ્ટિમાં આવતો નથી. સાચા આત્માની દ્રષ્ટિ કહો કે ભૂતાર્થસ્વભાવની દ્રષ્ટિ કહો, તે જ સમ્યગ્દર્શન છે. સાચા આત્માને જાણ્યા વગર સમ્યગ્દર્શન કેમ થાય ?

સાચો આત્મા જ જેણે જાણ્યો નથી તે આત્માની આરાધના ક્યાંથી કરશે ? કાયમ અતીન્દ્રિય આનંદથી ભરેલો આ આત્મસ્વભાવ, તેને અંતર્મુખ પરિણતિવડે ઉપાદેય કરતાં સાચો આત્મા શ્રદ્ધામાં–જ્ઞાનમાં આવે છે.–આનું નામ ધર્મ, ને આનું નામ મોક્ષમાર્ગ.

અરે, આવું આનંદમય ચૈતન્યતત્ત્વ, તેમાં વિષયકષાય કેવા ને દેહ કેવો ? પણ એને ભૂલીને મૂઢ જીવ શરીરને આત્મામાં જોડીને ( એટલે કે તેને જ આત્મા માનીને ) વિષયકષાયોમાં લીન વર્તે છે, શુદ્ધાત્માના આનંદને તે અનુભવી શકતો નથી, સ્વભાવને આધીન થાય તો સમ્યક્ પરિણામ થઈને આનંદનો અનુભવ થાય; પણ સ્વભાવને ભૂલીને વિષયકષાયને આધીન થયો એટલે પરવશ થઈને દુઃખને જ અનુભવે છે.

ભાઈ ! સાચો આત્મા તો તે કહેવાય કે જેની સન્મુખ થતાં પરમ આનંદનો સ્વાદ આવે. ‘આત્મા’ તો આનંદ આપે એવો છે, દુઃખ આપે એવો નથી. આત્માના સ્વભાવની સન્મુખ થાય ને દુઃખ રહે એમ બને નહિ, કેમકે દુઃખ આત્માના સ્વભાવમાં નથી, આત્માના સ્વભાવમાં તો સુખ જ ભર્યું છે, આનંદ જ ભર્યો છે. એકવાર આવા આત્માને અનુભૂતિમાં લે.

આત્માની આવી અનુભૂતિ આઠ વર્ષની બાલિકાને પણ થાય છે. એને માટે લાંબા લાંબા કાળની જરૂર નથી પણ ચૈતન્યસ્વભાવનો રસ જગાડીને પર્યાયને અંતર્મુખ કરતાં તત્ક્ષણે જ આવી આત્માની અનુભૂતિ થાય છે. ને આવી અનુભૂતિ કરે ત્યારે રાગથી પાર સાચા આત્માની ખબર પડે, ત્યારે સર્વજ્ઞની ને સાધક સન્તોની સાચી ઓળખાણ થાય, ને મોક્ષતત્ત્વને ખરેખર ત્યારે જ જાણ્યું કહેવાય.

# ધર્મીનું ધ્યેય

*****

(સમયસાર કળશ ૨૨૩ ના પ્રવચનમાંથી)

*****

હે જીવ! તારે આત્માને ધ્યેય બનાવીને આનંદની પ્રાપ્તિ કરવી હોય તો શું કરવું તે સન્તો તને બતાવે છે.

રાગને ધ્યેયમાં ન લેતાં, સ્વતત્ત્વ એવા શુદ્ધઆત્મસ્વરૂપને ધ્યેય બનાવીને તેમાં તારું લક્ષ જોડ. તારા સ્વતત્ત્વના અભ્યાસનો રસ્તો તેં કદી લીધો નથી, એકલા પરનો ને રાગનો જ અભ્યાસ તેં કર્યો છે. હવે તેની દિશા ફેરવીને સ્વતત્ત્વને ધ્યેય બનાવવાની આ વાત છે.

ધર્મી જીવે પોતાનું ધ્યેય ફેરવ્યું છે; પર ધ્યેય છોડીને જ્ઞાનાનંદમૂર્તિ નિજઆત્માને ધ્યેય બનાવ્યું છે. જ્ઞાનચેતનાને અતંર્મુખ કરી છે. જુઓ, ધર્મીની જ્ઞાનચેતના અંદરમાં આત્માને ચેતવાનું (અનુભવવાનું) કામ કરે છે. બહારના જાણપણાનો ઉઘાડ ઓછો-વધારે હોવો તે કાંઈ જ્ઞાનચેતનાનું કાર્ય નથી; જ્ઞાનચેતના તો અંતર્‌મુખ કામ કરે છે, આત્માને તે લક્ષગત કરે છે. અંતર્મુખ જ્ઞાનચેતનાવડે આત્માના આનંદના ખજાના ધર્મી જીવે ખોલી નાખ્યા છે, ને તેને જ ધ્યેય બનાવ્યું છે. ધર્મીની દ્રષ્ટિ નિત્ય નિજાત્માને જ સ્પર્શે છે, રાગને તે સ્પર્શતી નથી. સ્પર્શે છે એટલે વેદે છે, અનુભવે છે, તેમાં એકતા કરે છે. પહેલાં અજ્ઞાનમાં વિકારને જ વેદતો, તેને જ આત્માપણે જાણતો, તેને બદલે હવે ધ્યેયને પલટાવી નાંખ્યું ને જ્ઞાનચેતના વડે વિકારથી પાર એવા શુદ્ધઆત્માનું વેદન કર્યું, તેને જે નિજસ્વરૂપ જાણ્યું, તેને જ ધ્યેય બનાવ્યું.

જુઓ, આ ધર્મીનું ધ્યેય.

હે જીવ! તારે આનંદની પ્રાપ્ત કરવી હોય તો તું પણ તારા આવા આત્માને ધ્યેય બનાવ.

*****

# અજ્ઞાનીનો અપરાધ

**( અશુદ્ધતાથી છૂટીને શુદ્ધ થવાનો અવસર ક્યારે આવે ? )**

**( સમયસાર કળશટીકા-પ્રવચન: કળશ: ૨૨૧ )**

**પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુનો જેને અનુભવ નથી ને અજ્ઞાનથી રાગાદિ અશુદ્ધભાવને જ અનુભવે છે તથા પરદ્રવ્ય જ મને વિકાર કરાવે છે-એમ માને છે, તો તે જીવ શુદ્ધબોધથી રહિત છે, ને સમ્યક્ત્વથી શૂન્ય છે. એવા અજ્ઞાની જીવનો શું અપરાધ છે, ને તે અપરાધનું ફળ શું છે,-તે બતાવીને આચાર્યદેવ કરુણાપૂર્વક જીવોને તે અપરાધથી છોડાવે છે.**

**અરે જીવ !** જો પરદ્રવ્ય જ બળાત્કારપૂર્વક અશુદ્ધતા કરાવતું હોય તો તે અશુદ્ધતાથી છૂટવાનો અવસર ક્યારે ? કેમકે પરદ્રવ્ય તો જગતમાં સદાય છે, જો તે વિકાર કરાવતું હોય તો તો સર્વકાળ વિકાર થયા જ કરે, ને વિકારથી છૂટવાનો અવસર જ કોઈ ન રહે. માટે તારું શુદ્ધ કે અશુદ્ધ પરિણમન તારાથી જ છે–એમ તું જાણ–તો શુદ્ધ દ્રવ્યના આશ્રયે શુદ્ધતા પ્રગટ કરીને અશુદ્ધતાને ટાળવાનો અવસર તને આવશે.

તું તારી સ્વતંત્રતા જાણ, કે હું બહાર પર તરફ વળ્યો તેથી મને અશુદ્ધતા થઈ; ને હું અંતરમાં સ્વ તરફ વળું તો મને શુદ્ધતા થાય. મારી અશુદ્ધતામાં કે શુદ્ધતામાં પરદ્રવ્યનો જરા પણ હાથ નથી.–આવી સ્વતંત્રતા જાણતાં સ્વસન્મુખ થઈને શુદ્ધતાનો અવસર આવે છે.

પણ જે જીવ પોતાની સ્વવસ્તુને જાણતો નથી, જેનું સર્વસ્વ જ્ઞાન ઊંધું છે, જેના સમ્યક્ત્વચક્ષુ બિડાઈ ગયાં છે, તે જીવ મોહશત્રુની સેનાને જીતી શકતો નથી. તેનો અપરાધ શું ? કે કર્મ વગેરે પરદ્રવ્ય મને વિકાર કરાવે છે એમ તે માને છે, તે તેનો મોટો અપરાધ છે. પોતાની પર્યાયને તે જાણતો નથી.

પરને કારણે વિકાર થવાનું માનનાર જીવને અપરાધી કહ્યો, તે અપરાધનું ફળ શું ? કે અનંત સંસારરૂપી જેલ; માટે કહ્યું કે પરદ્રવ્ય જીવને અશુદ્ધતા કરાવે એમ માનનારો જીવરાશી અનંતસંસારી છે, સંસારસમુદ્રને તે પાર કરી શકતો નથી. સ્વાશ્રયપરિણામનો તેને અવકાશ જ નથી પછી તેની અશુદ્ધતા ક્યાંથી ટળે ?

આ કળશના ભાવની સ્પષ્ટતા કરતાં પં. બનારસીદાસજી નાટકસમયસારમાં કહે છે કે–

**કોઉ મૂરખ યોં કહે,**
**રાગદોષ પરિનામ,**
**પુદ્‌ગલકી જોરાવરી,**
**વરતે આતમરામ. ( ૬૨ )**

જ્યોં જ્યોં પુદ્ગલ બલ કરે, ધરિ ધરિ કર્મજ ભેષ,
રાગદોષકો પરિણમન, ત્યોં ત્યોં હોઈ વિશેષ. (૬૩)

(પુદ્ગલકર્મ જીવને રાગદ્વેષ કરાવે છે–એવી અસત્ય માન્યતાવાળા અજ્ઞાનીને સત્યમાર્ગનો ઉપદેશ આપતાં કહે છે કે– )

ઈહવિધ જો વિપરીત પક્ષ, ગ્રહે શ્રદ્દહે કોઈ,
સો નર રાગ વિરોધસેં, કબહું ભિન્ન ન હોઈ. (૬૪)
સુગુરુ કહે જગમેં રહે, પુદ્ગલ સંગ સદીવ,
સહજ શુદ્ધ પરિણમનકો, અવસર લહે ન જીવ. (૬૫)
તાતેં ચિદ્દભાવનિ વિષે, સમરથ ચેતન રાવ,
રાગ-વિરોધ મિથ્યાતમેં,સમકિતમેં શિવભાવ. (૬૬)

આ ચેતનરાજા પોતે જ પોતાના ચૈતન્યભાવોને કરવામાં સમર્થ છે; મિથ્યાત્વભાવમાં તો તે રાગદ્વેષપરિણામને કરે છે, ને સમ્યક્ત્વભાવમાં તે મોક્ષમાર્ગને કરે છે.–આ રીતે જીવ પોતે જ પોતાના ભાવનો કર્તા છે.

ત્યાર પહેલાં (શ્લોક ૬૧માં) શિષ્યે પૂછયું કે હે સ્વામી! આ રાગદ્વેષનું મૂળપ્રેરક કોણ છે? શું પુદ્ગલકર્મ, ઇન્દ્રિયવિષયો કે ધન, મકાન, પરિજન એ કોઈ જીવને રાગદ્વેષ કરાવે છે? ત્યારે ઉત્તરમાં–

**ગુરુ કહે છહોં દ્રવ્ય અપને અપને રૂપ,**
**સબનિકો સદા અસહાઈ પરિણમન હૈ;**
**કોઉ દરવ કાહૂકો ન પ્રેરક કદાચિ તાતેં,**
**રાગ-દોષ-મોહ વૃથા મદિરા અચૌન હૈ. ૬૧**

ભાઈ, કોઈ પરદ્રવ્ય તને વિકાર નથી કરાવતું; તારો મિથ્યાત્વરૂપ મોહભાવ જ રાગદ્વેષનું મૂળ કારણ છે.

આ શુદ્ધઆત્મતત્ત્વ સ્વભાવથી તો જ્ઞાન–આનંદ–સુખ વગેરે ગુણોથી ભરપૂર છે, અશુદ્ધતાની ઉત્પત્તિ તેના સ્વભાવમાંથી નથી થતી.–તો પર્યાયમાં અશુદ્ધતા થાય છે તે કેમ થાય છે? તેની આ વાત છે. તે અશુદ્ધતાપણે જીવ પોતે પોતાની પર્યાયમાં અશુદ્ધરૂપ પરિણમવાની શક્તિથી જ પરિણમ્યો છે; પોતે પોતાના શુદ્ધસ્વભાવના અનુભવરૂપ ન પરિણમતાં મોહરૂપ પરિણમ્યો છે, કોઈ બીજાએ તેને પરિણમાવ્યો નથી. જે જીવરાશિ એટલે કે જે કોઈ જીવસમૂહ એમ માને છે કે મને પરદ્રવ્ય અશુદ્ધતા કરાવે છે, તે જીવરાશિ મિથ્યાદ્રષ્ટિ અનંત–સંસારી છે.

અનંત સંસારી કેમ કહ્યો?–કેમકે જ્યાં સુધી પરદ્રવ્ય અશુદ્ધતા કરાવે છે એમ માને છે ત્યાં સુધી તે સંસારમાં જ રખડે છે; પરદ્રવ્ય તો જગતમાં અંનતકાળ રહેવાનાં છે. હવે જો પરદ્રવ્ય વિકાર કરાવે તો તો અનંતકાળ સુધી વિકાર થયા જ કરે; વિકારથી છૂટવાનો અવસર જ ન આવે. માટે પરદ્રવ્યથી પોતાને અશુદ્ધતા થવાનું જે માને તેને અશુદ્ધતા અનંતકાળે પણ ન મટે, એટલે સંસાર તેને મટે નહિ. એ ઊંધી માન્યતા છોડે ત્યારે જ અશુદ્ધતા છૂટશે ને ત્યારે જ સંસારનો છેડો આવશે. માટે કરુણા કરીને સંતો સમજાવે છે કે ભાઈ, તારી ભૂલ તેં કરી છે; પરદ્રવ્યમાં એવી શક્તિ નથી કે તને દોષ કરે. ને તારું એવું સ્વરૂપ નથી કે પરથી તારામાં દોષ થઈ જાય. અરે, આ અનંત સંસારના દુઃખમાં તું ટળવળી રહ્યો છો, તો અમે તને તેનાથી

છૂટવાનો ઉપાય બતાવીએ છીએ–તે લક્ષમાં લે. મારી અવસ્થામાં અશુદ્ધતા મેં મારી જ ભૂલથી કરેલી છે, તે ભૂલ ક્ષણિક છે, ને મારો શુદ્ધસ્વભાવ ત્રિકાળ છે,–એમ શુદ્ધસ્વભાવને લક્ષમાં લેતાં પર્યાયની ક્ષણિક ભૂલ ટળે છે, ને સ્વભાવના આશ્રયે શુદ્ધતા થાય છે.

ભાઈ, તારે ભૂલ ટાળીને સારો થવું છે ને?–હા; તો સારો એટલે કે શુદ્ધ એવો તારો સ્વભાવ છે, તેને તું લક્ષ માં લે, તો સ્વભાવના આશ્રયે સારાપણું એટલે કે શુદ્ધપણું થશે.

અજ્ઞાની પોતાના શુદ્ધસ્વભાવનો તો અજાણ છે ને પર્યાયમાં જે અશુદ્ધતા થવાની શક્તિ છે તેનો પણ તે અજાણ છે. અશુદ્ધતાની શક્તિ પોતાની પર્યાયની છે, તેને બદલે પર સંયોગ અશુદ્ધતા કરાવે છે–એમ અજ્ઞાની માને છે. 'પર્યાયની શક્તિ' એટલે પર્યાયની તે સમયની યોગ્યતા; પર્યાયમાં અશુદ્ધતાની શક્તિ કીધી તેથી કાંઈ તે અશુદ્ધતા જીવનો કાયમી સ્વભાવ થઈ ન જાય, કેમકે પર્યાય પોતે એક સમયની છે. હવે અહીં એ બતાવવું છે કે પોતાની પર્યાયની એક સમયની અશુદ્ધ તાકાતને પણ જે નથી જાણતો તે ત્રિકાળી સ્વભાવની શુદ્ધતાના સામર્થ્યને કયાંથી જાણશે? એને નથી દ્રવ્યની ખબર, નથી પર્યાયની ખબર, કે નથી પરની ખબર; પરદ્રવ્ય બિચારું એના ભાવમાં પરિણમી રહ્યું છે, તે આ જીવને જરા પણ વિકાર નથી કરાવતું, છતાં તેના ઉપર અજ્ઞાની કલંક નાખે છે કે તેં મારામાં અશુદ્ધતા કરી.–એ અજ્ઞાનીનો મોટો અપરાધ છે. શાસ્ત્રભણતરમાંથી જે સ્વાશ્રયનો આશય કાઢવો જોઈએ તે અજ્ઞાનીને આવડતું નથી, ને પોતાની ઊંધી દ્રષ્ટિથી શાસ્ત્રના આશય પણ ઊંધા જ સમજે છે.

ભાઈ, મારા દોષ મેં કર્યા છે–એમ સમજ તો તને તે દોષ ટાળવાની ખટક રહેશે. પણ દોષ પરદ્રવ્ય જ કરાવે છે એમ માનીશ તો તે ટાળવાની દરકાર કયાંથી રહેશે? પરદ્રવ્ય જ તને દોષ કરાવશે–તો તારામાં કાંઈ પુરુષાર્થ છે કે નહિ? વિકારથી બચવાનો ને સમ્યગ્દર્શનાદિ શુદ્ધભાવ કરવાનો કોઈ પુરુષાર્થ તારામાં છે કે નહિ? ઊંધાઈ કે સવળાઈ, અશુદ્ધતા કે શુદ્ધતા, એ બંને મારા જ પુરુષાર્થનું કામ છે–એમ જે સમજે તે સ્વપુરુષાર્થ દ્વારા અશુદ્ધતા ટાળીને શુદ્ધતા કરશે. પણ પોતાના પુરુષાર્થને જ જે નહિ સ્વીકારે તેને અશુદ્ધતા ટાળીને શુદ્ધતાનો અવસર કયાંથી આવશે? અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગના ઢગલા આત્માને ડગાવી શકતા નથી, અનુકૂળતાના ઢગલા આત્માને શુદ્ધતામાં કાંઈ મદદ કરે કે કાંઈ રાગ કરાવે–એમ નથી; તેમજ પ્રતિકૂળતાના ઢગલા આત્માને શુદ્ધતાથી ડગાવી ધે કે કાંઈ દ્વેષ કરાવે એમ નથી; અશુદ્ધતામાં કે શુદ્ધતામાં આત્મા સ્વતંત્ર છે.

ભાઈ, જો તારી શુદ્ધતાની તૈયારી હોય તો જગતમાં સર્વજ્ઞો ને સંતો હાજર જ છે. તૈયારીવાળા પાત્ર જીવને જ્ઞાની–ધર્માત્માનો યોગ મળી જ જાય છે. જ્ઞાની ન મળ્યા માટે રખડયો–એનો અર્થ એમ છે કે પોતે પાત્રતા ન કરી માટે રખડયો; પોતાની પાત્રતા વગર જ્ઞાનીની પણ સાચી ઓળખાણ થતી નથી. જીવની પોતાની પાત્રતા વગર જ્ઞાની પણ એને શું કરે? માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! તારા ભાવમાં તું તારી સ્વતંત્રતા જાણ. ને સ્વભાવ તરફનો સમ્યક્ પ્રયત્ન કર તો તારી અશુદ્ધતા ટળ્યા વગર રહે નહિ.

# સ્વતંત્રતાની ઘોષણા

## ( ચાર બોલથી સ્વતંત્રતાની ઘોષણા કરતું ખાસ પ્રવચન )

( હપ્તો બીજો )

સમયસાર-કલશ ૨૧૧ ઉપર પૂ. ગુરુદેવના આ ખાસ પ્રવચનનો પહેલો હપ્તો આત્મધર્મના ગતાંકમાં આવેલ છે. તેમાં, વસ્તુસ્વરૂપથી કર્તા-કર્મપણું એક જ વસ્તુમાં હોય છે-એવી સ્વતંત્રતાની ઘોષણા કરતાં એમ બતાવ્યું કે (૧) વસ્તુના જે પરિણામ છે તે જ ખરેખર કર્મ છે; અને (૨) તે પરિણામ વસ્તુનાં જ છે, બીજાનાં નહિ. ત્યાર પછીના બીજા બે બોલ અહીં આપવામાં આવ્યા છે. વસ્તુસ્વરૂપની આવી સ્વતંત્રતા સમજતાં, ભેદજ્ઞાન થઈને સ્વદ્રવ્યાશ્રિત મોક્ષમાર્ગ પ્રગટે છે.

## ( ૩ ) કર્તા વગર કર્મ હોતું નથી

કર્તા એટલે પરિણમનારી વસ્તુ, ને કર્મ એટલે તેની અવસ્થારૂપ કાર્ય; કર્તા વગરનું કર્મ હોતું નથી એટલે વસ્તુ વગરની પર્યાય હોતી નથી; સર્વથા શૂન્યમાંથી કોઈ કાર્ય ઉત્પન્ન થઈ જાય એમ બનતું નથી.

જુઓ, આ વસ્તુવિજ્ઞાનના મહા સિદ્ધાંતો! આ ૨૧૧મા કળશમાં ચાર બોલ વડે ચારે પડખેથી સ્વતંત્રતા સિદ્ધ કરી છે. વિદેશના અજ્ઞાનના ભણતર પાછળ હેરાન થાય છે એના કરતાં સર્વજ્ઞદેવે કહેલું આ પરમ સત્ય વીતરાગી વિજ્ઞાન સમજે તો અપૂર્વ કલ્યાણ થાય.

(૧) પરિણામ તે કર્મ; આ એક વાત.

(૨) તે પરિણામ કોનું? કે પરિણામી વસ્તુનું પરિણામ છે, બીજાનું નહિ. આ બીજો બોલ, તેનો ઘણો વિસ્તાર કર્યો.

હવે આ ત્રીજા બોલમાં કહે છે કે પરિણામી વગર પરિણામ હોય નહિ. પરિણામી વસ્તુથી જુદા બીજે ક્યાંય પરિણામ થાય એમ બને નહિ. પરિણામી-વસ્તુમાં જ તેનાં પરિણામ થાય છે, એટલે પરિણામી વસ્તુ તે કર્તા છે, તેના વગર કાર્ય હોતું નથી. જુઓ, આમાં નિમિત્ત વગર કાર્ય ન હોય-એમ ન કહ્યું. નિમિત્ત નિમિત્તમાં રહ્યું, તે કાંઈ આ કાર્યમાં આવી જતું નથી. માટે નિમિત્ત વિનાનું કાર્ય છે પણ પરિણામી વગરનું કાર્ય હોય નહિ. નિમિત્ત ભલે હો, પણ તેનું અસ્તિત્વ તે નિમિત્તમાં છે, આમાં તેનું અસ્તિત્વ નથી. પરિણામી વસ્તુની સત્તામાં જ તેનું કાર્ય થાય છે. આત્મા વિના સમ્યક્ત્વાદિ પરિણામ ન હોય. પોતાના બધા પરિણામનો આત્મા કર્તા છે, તેના વગર કર્મ ન હોય.-कर्म कर्तृशून्यं न भवति। દરેક પદાર્થની અવસ્થા તે તે પદાર્થ વગર હોતી નથી. સોનું નથી ને ઘરેણાં બની ગયા, વસ્તુ નથી ને અવસ્થા થઈ ગઈ-એમ બને નહિ. અવસ્થા છે તે ત્રિકાળી વસ્તુને જાહેર કરે છે-પ્રસિદ્ધ કરે છે કે આ અવસ્થા આ વસ્તુની છે.

જેમકે જડકર્મરૂપે પુદ્ગલો થાય છે, તે કર્મપરિણામ કર્તા વગર ન હોય. હવે તેનો કર્તા કોણ? કે તે પુદ્ગલ કર્મરૂપે પરિણમનારા રજકણો જ કર્તા છે; આત્મા તેનો કર્તા નથી.

આત્મા કર્તા થઈને જડકર્મને બાંધે-એવું વસ્તુસ્વરૂપમાં નથી.

જડકર્મ આત્માને વિકાર કરાવે-એવું વસ્તુસ્વરૂપમાં નથી.

મંદકષાયના પરિણામ સમ્યક્ત્વનો આધાર થાય-એવું વસ્તુસ્વરૂપમાં નથી.

શુભરાગથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય-એવું વસ્તુસ્વરૂપમાં નથી.

છતાં અજ્ઞાની એમ માને છે, એ તો બધા ઊંધા અન્યાય છે. ભાઈ, તારા એ અન્યાય વસ્તુસ્વરૂપમાં સહન નહિ થાય. વસ્તુસ્વરૂપને વિપરીત માનતાં તારા આત્માને બહુ દુઃખ થશે,-એમ સન્તોને તો કરુણા આવે છે. સન્તો નથી ઈચ્છતા કે કોઈ જીવને દુઃખ થાય. જગતમાં બધા જીવો સત્ય સ્વરૂપ સમજે ને દુઃખથી છૂટીને સુખ પામે એવી ભાવના છે.

ભાઈ ! તારા સમ્યગ્દર્શનનું આધાર તારું આત્મદ્રવ્ય છે, શુભરાગ કાંઈ તેનો આધાર નથી. મંદરાગ તે કર્તા ને સમ્યગ્દર્શન તેનું કાર્ય-એમ ત્રણ કાળમાં નથી. વસ્તુનું જે સ્વરૂપ છે તે ત્રણ કાળમાં આઘુંપાછું નહિ ફરે. કોઈ જીવ અજ્ઞાનથી એને વિપરીત માને તેથી કાંઈ સત્ય ફરી ન જાય. કોઈ સમજે કે ન સમજે, સત્ય તો સદા સત્યરૂપે જ રહેશે, તે કદી ફરશે નહિ. જેમ છે તેમ તેને જે સમજશે તે પોતાનું કલ્યાણ કરી જશે. ને ન સમજે એની શી વાત ? એ તો સંસારમાં રખડી જ રહ્યા છે.

‘જુઓ, વાણી સાંભળી માટે જ્ઞાન થાય છે ને ! પણ સોનગઢવાળા ના પાડે છે કે વાણીના આધારે જ્ઞાન ન થાય’ એમ કહીને કેટલાક કટાક્ષ કરે છે; પણ બાપુ, એ તો વસ્તુસ્વરૂપ છે. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા પણ દિવ્યધ્વનિમાં એમ જ કહે છે કે જ્ઞાન આત્માના આશ્રયે થાય છે, જ્ઞાન તે આત્માનું કાર્ય છે. દિવ્યધ્વનિના પરમાણુનું તે કાર્ય નથી. જ્ઞાનકાર્યનો કર્તા આત્મા છે,-નહિ કે વાણીના રજકણો જે પદાર્થના જે ગુણનું જે વર્તમાન હોય તે બીજા પદાર્થના કે બીજા ગુણના આશ્રયે હોતું નથી. તેનો કર્તા

કોણ ? કે વસ્તુ પોતે, કર્તા અને તેનું કાર્ય બંને એકજ વસ્તુમાં હોવાનો નિયમ છે, તે ભિન્ન વસ્તુમાં હોતાં નથી.

આ લાકડી ઊંચી થઈ તે કાર્ય; તે કોનું કાર્ય ? કે કર્તાનું કાર્ય; કર્તા વગર કાર્ય ન હોય. કર્તા કોણ ? લાકડીની આ અવસ્થાના કર્તા લાકડીના રજકણો જ છે. આ હાથ, આંગળી કે ઈચ્છા તેનો કર્તા નથી.

હવે અંદરનું સૂક્ષ્મ દ્રષ્ટાંત લઈએ; કોઈ આત્મામાં ઈચ્છા અને સમ્યગ્જ્ઞાન બંને પરિણામ વર્તે છે; ત્યાં ઈચ્છાના આધારે સમ્યગ્જ્ઞાન નથી. ઈચ્છા તે સમ્યગ્જ્ઞાનની કર્તા નથી. આત્મા જ કર્તા થઈને તે કાર્યને કરે છે. કર્તા વગરનું કર્મ નથી ને બીજો કોઈ કર્તા નથી, એટલે જીવકર્તા વડે જ્ઞાનકાર્ય થાય છે. આ પ્રમાણે બધા પદાર્થોના બધા કાર્યોમાં તે તે પદાર્થનું જ કર્તાપણું છે એમ સમજી લેવું.

જુઓ, ભાઈ ! આ તો સર્વજ્ઞ ભગવાનના ઘરની વાત છે.....મહા કલ્યાણની વાત છે, તે સાંભળીને રાજી થવા જેવું છે. અહા ! સન્તોએ વસ્તુસ્વરૂપ સમજાવીને માર્ગ સ્પષ્ટ કરી દીધો. સંતોએ બધો માર્ગ સહેલો ને સીધોસટ કરી દીધો, તેમાં વચ્ચે ક્યાંય અટકવાપણું નથી. પરથી છૂટું આવું સ્પષ્ટ વસ્તુસ્વરૂપ સમજે તો મોક્ષ થઈ જાય. બહારથી તેમજ અંદરથી આવું ભેદજ્ઞાન સમજતાં મોક્ષ તો હથેળીમાં આવી જાય છે. હું પરથી તો છૂટો ને મારામાં એક ગુણનું કાર્ય બીજા ગુણથી નહિ-આ મહાસિદ્ધાંત સમજતાં સ્વાશ્રયભાવે અપૂર્વ કલ્યાણ પ્રગટે છે.

કર્મ તેના કર્તા વગર હોતું નથી-એ વાત ત્રીજા બોલમાં કરી; ને ચોથા બોલમાં કર્તાની ( -વસ્તુની ) સ્થિતિ સદાય એકસરખી હોતી નથી પણ નવા નવા પરિણામરૂપે તે બદલ્યા કરે છે-એ વાત કહેશે. દર વખતે પ્રવચનમાં આ ચોથા બોલનો વિશેષ વિસ્તાર થાય છે, આ વખતે બીજા બોલનો વિશેષ વિસ્તાર આવ્યો.

કર્તા વગર કાર્ય હોતું નથી એ સિદ્ધાંત છે; ત્યાં કોઈ કહે કે આ જગત તે કાર્ય છે ને ઈશ્વર તેનો કર્તા છે તો એ વાત વસ્તુસ્વરૂપની નથી. દરેક વસ્તુ પોતે જ પોતાની પર્યાયનો ઈશ્વર છે, ને તે જ કર્તા છે, એનાથી ભિન્ન બીજો કોઈ ઈશ્વર કે બીજો કોઈ પદાર્થ કર્તા નથી. પર્યાય તે કાર્ય ને પદાર્થ તેનો કર્તા.

કર્તા વગર કાર્ય નથી, ને બીજો કોઈ કર્તા નથી.

કોઈપણ અવસ્થા થાય-શુદ્ધઅવસ્થા, વિકારી અવસ્થા કે જડ અવસ્થા -તેનો કર્તા ન હોય એમ બને નહિ, તેમજ બીજો કોઈ કર્તા હોય-એમ પણ ન બને.

-તો શું ભગવાન તેના કર્તા છે?

-હા, ભગવાન કર્તા ખરા, પણ કયા ભગવાન? કોઈ બીજા ભગવાન નહિ પણ આ આત્મા પોતે ભગવાન છે. તે જ કર્તા થઈને પોતાના શુદ્ધ અશુદ્ધ પરિણામને કરે છે. જડના પરિણામને જડપદાર્થ કરે છે. એના ભગવાન એ. દરેક વસ્તુ પોતપોતાની અવસ્થાને રચનાર ઈશ્વર છે.

સંયોગ વગર અવસ્થા ન થાય-એમ નહિ, પરંતુ વસ્તુ પરિણમ્યા વગર અવસ્થા ન થાય-એ સિદ્ધાંત છે. પોતાની પર્યાયના કર્તૃત્વનો અધિકાર વસ્તુનો પોતાનો છે, પરનો તેમાં અધિકાર નથી.

ઈચ્છારૂપી કાર્ય થયું તો તેનો કર્તા આત્મદ્રવ્ય છે.

તે વખતે તેનું જ્ઞાન થયું, તે જ્ઞાનનો કર્તા આત્મદ્રવ્ય છે.

પૂર્વની પર્યાયમાં તીવ્ર રાગ હતો માટે વર્તમાનમાં રાગ થયો-એમ પૂર્વ પર્યાયમાં આ પર્યાયનું કર્તાપણું નથી. વર્તમાનમાં આત્મા તેવા ભાવરૂપે પરિણમીને પોતે કર્તા થયો છે. એ જ રીતે જ્ઞાનપરિણામ, શ્રદ્ધાપરિણામ, આનંદપરિણામ, તે બધાનો કર્તા આત્મા છે. પર તો નહિ, પૂર્વના પરિણામ

તો નહિ તેમ જ વર્તમાન તેની સાથે વર્તતા બીજા પરિણામ પણ કર્તા નહિ, આત્મદ્રવ્ય પોતે કર્તા છે. શાસ્ત્રમાં પૂર્વ પર્યાયને કોઈવાર ઉપાદાન કહે છે, તે તો પૂર્વ-પછીની સંધિ બતાવવા માટે કહ્યું છે. પણ પર્યાયનું કર્તા તો તે વખતે વર્તતું દ્રવ્ય છે, તે જ પરિણામી થઈને કાર્યરૂપે પરિણમ્યું છે. જે સમયે સમ્યગ્દર્શન-પર્યાય થઈ તે સમયે તેનો કર્તા આત્મા જ છે. પૂર્વની ઈચ્છા, વીતરાગની વાણી કે શાસ્ત્ર-તે કોઈ ખરેખર આ સમ્યગ્દર્શન કર્તા નથી.

એ જ રીતે જ્ઞાનકાર્યનો કર્તા પણ આત્મા જ છે. ઈચ્છાનું જ્ઞાન થયું,-ત્યાં તે જ્ઞાન કાંઈ ઇચ્છાનું કાર્ય નથી, ને ઈચ્છા તે જ્ઞાનનું કાર્ય નથી. બંને પરિણામ એક જ વસ્તુના હોવા છતાં તેમને કર્તા-કર્મપણું નથી. કર્તા તો પરિણામી વસ્તુ છે.

પુદ્ગલમાં ખાટી ખારી અવસ્થા હતી ને જ્ઞાને તે પ્રમાણે જાણ્યું. ત્યા ખાટું-ખારું તે પુદ્ગલના પરિણામ છે, ને પુદ્ગલો તેના કર્તા છે; તે સંબંધી જે જ્ઞાન થયું તેનો કર્તા આત્મા છે, તે જ્ઞાનનો કર્તા ખાટી-ખારી અવસ્થા નથી. કેટલી સ્વતંત્રતા!! એ જ રીતે શરીરમાં રોગાદિ જે કાર્ય થાય તેના કર્તા તે પુદ્ગલો છે, આત્મા નહિ; ને તે શરીરની હાલતનું જે જ્ઞાન થયું તેનો કર્તા આત્મા છે. આત્મા કર્તા થઈને જ્ઞાનપરિણામને કરે છે પણ શરીરની અવસ્થાને તે કરતો નથી.

આ તો પરમેશ્વર થવા માટે પરમેશ્વરના ઘરની વાત છે. પરમેશ્વર સર્વજ્ઞદેવે કહેલું આ વસ્તુસ્વરૂપ છે.

જગતમાં ચેતન કે જડ અનંત પદાર્થો અનંતપણે કાયમ ટકીને પોતપોતાના વર્તમાનકાર્યને કરે છે. એકેક પરમાણુમાં સ્પર્શ-રંગ વગેરે અનંતગુણો; સ્પર્શની ચીકણી વગેરે અવસ્થા, રંગની કાળી વગેરે અવસ્થા, તે તે અવસ્થાનું કર્તા પરમાણુદ્રવ્ય છે; ચીકણી અવસ્થા તે કાળી અવસ્થાની કર્તા નથી.

એ રીતે આત્મામાં-દરેક આત્મામાં અનંત ગુણો; જ્ઞાનમાં કેવળજ્ઞાનપર્યાયરૂપ કાર્ય થયું, આનંદમાં પૂર્ણ આનંદ પ્રગટયો; તેનો કર્તા આત્મા પોતે છે. મનુષ્યદેહ

કે મજબુત સંકલનના કારણે તે કાર્ય થયું-એમ નથી, પૂર્વની મોક્ષમાર્ગપર્યાયના આધારે તે કાર્ય થયું એમ નથી, જ્ઞાન ને આનંદના પરિણામ એકબીજાના આશ્રયે પણ નથી, દ્રવ્ય જ પરિણમીને તે કાર્યનું કર્તા થયું છે. ભગવાન આત્મા પોતે જ પોતાના કેવળજ્ઞાનાદિ કાર્યનો કર્તા છે, કોઈ બીજો નહિ. આ ત્રીજો બોલ થયો.

## ( ૪ ) વસ્તુની સદા એકરૂપે સ્થિતિ રહેતી નથી

સર્વજ્ઞદેવે જોયેલ વસ્તુનું સ્વરૂપ એવું છે કે તે કાયમ ટકીને ક્ષણે ક્ષણે નવી અવસ્થારૂપે પરિણમ્યા કરે. અવસ્થા બદલ્યા વગર એમ ને એમ કૂટસ્થ જ રહે-એવું વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે, એટલે એમાં સર્વથા એકલું નિત્યપણું નથી, પર્યાયથી પલટાવાપણું પણ છે. વસ્તુ પોતે જ પોતાની પર્યાયરૂપે પલટે છે, કોઈ બીજો તેને પલટાવે-એમ નથી. નવી નવી પર્યાયરૂપે થવું તે વસ્તુનો પોતાનો સ્વભાવ છે, તો બીજો તેને શું કરે? આ સંયોગોને કારણે આ પર્યાય થઈ-એમ સંયોગને લીધે જે પર્યાય માને છે તેણે વસ્તુના પરિણમન સ્વભાવને જાણ્યો નથી. ભાઈ, તું સંયોગથી ન જો, વસ્તુના સ્વભાવને જો. વસ્તુનો સ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે. દ્રવ્યપણે એકરૂપ રહે પણ પર્યાયપણે એકરૂપે ન રહે, પલટાયા જ કરે-એવું વસ્તુનું સ્વરૂપ છે.

આ ચાર બોલથી એમ સમજાવ્યું કે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કાર્યની કર્તા છે,-આ ચોક્કસ સિદ્ધાન્ત છે.

આ પુસ્તકનું પાનું પહેલાં આમ હતું ને પછી ફર્યું, ત્યા હાથ અડયો માટે તે ફર્યું એમ નથી; પણ તે પાનાનાં રજકણોમાં જ એવો સ્વભાવ છે કે સદા એકરૂપે તેની સ્થિતિ ન રહે, તેની હાલત બદલાયા જ કરે. તેથી તે સ્વયં પહેલી અવસ્થા છોડીને બીજી અવસ્થારૂપ થયા છે, બીજાને લીધે નહિ. વસ્તુમાં ભિન્ન ભિન્ન અવસ્થા થયા જ કરે છે; ત્યાં સંયોગને કારણે તે ભિન્ન અવસ્થા થઈ -એવો અજ્ઞાનીનો ભ્રમ છે કેમકે તે સંયોગને જ જાુએ છે પણ વસ્તુના સ્વભાવને દેખતો નથી. વસ્તુ પોતે પરિણમન સ્વભાવવાળી છે એટલે એક જ પર્યાયરૂપે તે રહ્યા

ન કરે; -આવા સ્વભાવને જાણે તો, કોઈ સંયોગથી પોતામાં કે પોતાથી પરમાં ફેરફાર થવાની બુદ્ધિ છૂટી જાય, ને સ્વદ્રવ્ય સામે જોવાનું રહે, એટલે મોક્ષમાર્ગ પ્રગટે.

પાણી પહેલાં ઠંડું હતું, ચૂલા ઉપર આવતાં ઊનું થયું, ત્યાં તે રજકણોનો જ એવો સ્વભાવ છે કે એક અવસ્થારૂપે કાયમ તેની સ્થિતિ ન રહે, તેથી તે પોતાના સ્વભાવથી જ ઠંડી અવસ્થા છોડીને ઊની અવસ્થારૂપ પરિણમ્યા છે, આમ સ્વભાવને ન જોતાં, અજ્ઞાની સંયોગને જુએ છે કે અગ્નિ આવી માટે પાણી ઊનું થયું. અહીં આચાર્યદેવે ચાર બોલથી સ્વતંત્ર વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે, તે સમજે તો ક્યાંય ભ્રમ ન રહે.

એક સમયમાં ત્રણ કાળ-ત્રણ લોકને જાણનારા સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ તીર્થંકરદેવની દિવ્ય વાણીમાં આવેલું આ તત્ત્વ છે, તે સંતોએ પ્રગટ કર્યું છે.

બરફના સંયોગથી પાણી ઠંડું થયું ને અગ્નિના સંયોગથી પાણી ઊનું થયું એમ અજ્ઞાની દેખે છે, પણ પાણીના રજકણમાં જ ઠંડી-ઊની અવસ્થારૂપે પરિણમવાનો સ્વભાવ છે તેને અજ્ઞાની દેખતો નથી. ભાઈ! અવસ્થાની એકરૂપે સ્થિતિ ન રહે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ કૂટસ્થ નથી પણ વહેતા પાણીની માફક દ્રવે છે-પર્યાયને પ્રવહે છે; તે પર્યાયનો પ્રવાહ વસ્તુમાંથી આવે છે, સંયોગમાંથી નથી આવતો. ભિન્ન પ્રકારના સંયોગને કારણે અવસ્થાની ભિન્નતા થઈ, કે સંયોગ બદલ્યા માટે અવસ્થા બદલી-એમ અજ્ઞાનીને ભ્રમ થાય છે, પણ વસ્તુસ્વરૂપ એમ નથી. અહીં ચાર બોલથી વસ્તુનું સ્વરૂપ એકદમ સ્પષ્ટ કર્યું છે.

૧. પરિણામ તે જ કર્મ છે.

૨. પરિણામી વસ્તુના જ પરિણામ છે, અન્યના નહિ.

૩. તે પરિણામરૂપી કર્મ કર્તા વગરનું હોતું નથી.

૪. વસ્તુની સ્થિતિ એકરૂપે રહેતી નથી.

-માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે. એ સિદ્ધાંત છે.

આ ચાર બોલમાં તો ઘણું રહસ્ય સમાવી દીધું છે. એનો નિર્ણય કરતાં ભેદજ્ઞાન થાય, ને દ્રવ્યસન્મુખદ્રષ્ટિથી મોક્ષમાર્ગ પ્રગટે.

પ્રશ્નઃ- સંયોગ આવે તે પ્રમાણે અવસ્થા બદલાતી દેખાય છે!

ઉત્તરઃ- એ સાચું નથી; વસ્તુસ્વભાવને જોતાં એમ દેખાતું નથી, અવસ્થા બદલવાનો સ્વભાવ વસ્તુનો પોતાનો છે-એમ દેખાય છે. કર્મનો મંદ ઉદય માટે મંદરાગ ને તીવ્ર ઉદય માટે તીવ્ર રાગ-એમ નથી, અવસ્થા એકરૂપ ન રહે પણ મંદ-તીવ્રપણે બદલાય એવો સ્વભાવ વસ્તુનો પોતાનો છે, તે કાંઈ પરને લીધે નથી.

ભગવાન પાસે જઈને પૂજા કરે કે શાસ્ત્ર સાંભળે તે વખતે જુદા પરિણામ, ને ઘરે જાય ત્યાં જુદા પરિણામ, તો શું સંયોગના કારણે તે પરિણામ બદલ્યા? ના; વસ્તુ એકરૂપે ન રહેતાં તેના પરિણામ પલટે એવો જ તેનો સ્વભાવ છે. તે પરિણામનું પલટવું વસ્તુના જ આશ્રયે થાય છે, સંયોગના આશ્રયે નહિ. આ રીતે વસ્તુ સ્વયં પોતાના પરિણામની કર્તા છે-એ નિશ્ચિત સિદ્ધાંત છે. આ ચાર બોલના સિદ્ધાન્ત પ્રમાણે વસ્તુસ્વરૂપ સમજે તો મિથ્યાત્વના મૂળિયા ઊખડી જાય ને પરાશ્રિતબુદ્ધિ છૂટી જાય. આવા સ્વભાવનું ભાન થતાં વસ્તુ ઉપર લક્ષ જાય છે ને સમ્યગ્જ્ઞાન થાય છે. તે સમ્યગ્જ્ઞાનપરિણામનો કર્તા આત્મા પોતે છે. પહેલાં અજ્ઞાનપરિણામ પણ વસ્તુના જ આશ્રયે હતા, ને હવે જ્ઞાનપરિણામ થયા તે પણ વસ્તુના જ આશ્રયે છે.

મારી પર્યાયનો કર્તા બીજો નહિ, મારું દ્રવ્ય જ પરિણમીને મારી પર્યાયનું કર્તા છે-એવો નિશ્ચય કરતાં સ્વદ્રવ્ય ઉપર લક્ષ જાય ને ભેદજ્ઞાન તથા સમ્યક્ત્વ થાય. હવે તે કાળે કાંઈક રાગાદિ પરિણામ રહ્યા તે પણ આત્માનું પરિણમન હોવાથી આત્માનું કાર્ય છે-એમ ધર્મી જીવ જાણે છે, તે અપેક્ષાએ વ્યવહારનયને તે કાળે જાણેલો પ્રયોજનવાન કહ્યો છે. ધર્મીને દ્રવ્યનો શુદ્ધ સ્વભાવ લક્ષમાં આવી ગયો છે એટલે સમ્યક્ત્વાદિ નિશ્ચય કાર્ય થાય છે, ને જે રાગ

બાકી રહ્યો તેને પણ તે પોતાનું પરિણમન જાણે છે પણ હવે તેની મુખ્યતા નથી, મુખ્યતા તો સ્વભાવની થઈ ગઈ છે. પહેલાં અજ્ઞાનદશામાં મિથ્યાત્વાદિ પરિણામ હતા તે પણ સ્વદ્રવ્યના જ આશ્રયે હતા; પણ જ્યારે નક્કી કર્યું કે મારા પરિણામ મારા દ્રવ્યના જ આશ્રયે થાય છે-ત્યારે તે જીવને મિથ્યાત્વપરિણામ રહે નહિ, તેને તો સમ્યક્ત્વાદિરૂપ પરિણામ જ હોય. હવે જે રાગ- પરિણમન સાધકપર્યાયમાં બાકી રહ્યું છે તેમાં જો કે તેને એકત્વબુદ્ધિ નથી છતાં તે પરિણમન પોતાનું છે-એમ તે જાણે છે. આવું વ્યવહારનું જ્ઞાન તે કાળે પ્રયોજનવાન છે. સમ્યગ્જ્ઞાન થાય ત્યારે નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ યથાર્થ જણાય, ત્યારે દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ જણાય, ત્યારે કર્તાકર્મનું સ્વરૂપ જણાય, ને સ્વદ્રવ્યના લક્ષે મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે. તેનો કર્તા આત્મા પોતે છે.

આ રીતે આ ૨૧૧ મા કળશમાં આચાર્યદેવે ચાર બોલથી સ્પષ્ટ કરીને અલૌકિક વસ્તુસ્વરૂપ સમજાવ્યું, તેના ઉપરનું વિવેચન પૂરું થયું.

આત્મધર્મના વિશાળ વાંચક વર્ગમાંથી મોટા ભાગના વડીલોની એવી ઇચ્છા છે કે, આ લેખની માફક મોટા અક્ષરોમાં આત્મધર્મ છપાય તો વાંચવાની સુગમતા રહે. તેમની આ વ્યાજબી સૂચનાને અનુલક્ષીને શક્યતા મુજબ એક કે બે ફોર્મ આવા ટાઈપમાં આપીશું.

# વાંચકો સાથે વાતચીત

(હજારો જિજ્ઞાસુઓ આત્મધર્મનું પઠન કરે છે, તેમની સાથે સીધો સંપર્ક રહે અને જિજ્ઞાસુઓ એકબીજાના વિચારોથી પરિચિત રહે તે હેતુથી આ વિભાગ ચાલુ કરીએ છીએ. જિજ્ઞાસુઓના જે પત્રો આવે છે તેમાંથી યોગ્ય ભાગ અહીં રજુ કરીશું, તેમજ જિજ્ઞાસુઓના પ્રશ્નોત્તરને પણ યથા અવકાશ સ્થાન આપીશું. બધા પ્રશ્નોની નહિ પરંતુ આત્મધર્મને માટે યોગ્ય લાગશે તેટલા પ્રશ્નોની જ ચર્ચા આ વિભાગમાં કરશું. –સં.)

**શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ શાહ: મલાડ**

卐 આત્મધર્મ પ્રત્યે લાગણી વ્યક્ત કરતો છ સૂચનો સહિત આપનો પત્ર મળ્યો. આત્મધર્મના પ્રચાર માટે વાત્સલ્યભાવે સેવા આપવાની ભાવના આપે બતાવી તે બદલ ધન્યવાદ.

卐 “બાલવિભાગ” ના વિકાસ માટે આપે જે સૂચન કર્યું તે આપણી યોજનામાં છે જ, અને આવતા અંકથી આપ તે જોઈ શકશો. મુમુક્ષુઓની જિજ્ઞાસુભાવે થતી ચર્ચા (પ્રશ્નોત્તરી) ને પણ યથાવકાશ સ્થાન અપાય છે.

卐 ‘આત્મધર્મ’ ના વિકાસ માટે ‘જાહેર ખબર’ લેવાનો કોઈ પ્રશ્ન નથી, કેમકે જિજ્ઞાસુ પાઠકો આત્મધર્મને પોતાનું સમજીને તેના વિકાસમાં સંસ્થાને સાથ આપી જ રહ્યા છે.

卐 આપણું દિ. જૈન મુમુક્ષુ મહામંડળ શ્રી સમ્મેદશિખરજી બાબતમાં રસ લ્યે તે આપે લખ્યું; તો આ બાબત આપણા સમસ્ત દિ. જૈન સમાજ વતી તીર્થક્ષેત્ર કમિટિ યોગ્ય કારવાઈ કરી જ રહી છે તેમાં આપણો સૌનો સાથ છે, તેમ જ આપણી સંસ્થાના માનનીય પ્રમુખશ્રી ‘તીર્થક્ષેત્ર કમિટિ’ ના પણ સભ્ય છે. એટલે કમિટિથી જુદું આપણે કંઈ કરવાનું રહેતું નથી. આપણે સમ્મેદશિખર સંબંધી યોગ્ય રજૂઆત આત્મધર્મમાં અવારનવાર કરતા રહીએ છીએ.

**श्री जम्बुकुमारजी जैन: कोटा**

卐 बाल बंधु। આપની ભાષા હિન્દી હોવા છતાં આપ નાની ઉમરથી ગુજરાતી આત્મધર્મમાં પણ રસ લઈ રહ્યા છો, તે બદલ ધન્યવાદ!

卐 બાલવિભાગ માટે આપનું કાવ્ય મળ્યું...ભારતના સીમાડે યુદ્ધમાં લડવા જવા માટેનું કાવ્ય આપે લખી મોકલ્યું...પરંતુ ભૈયા! એવું યુદ્ધકાવ્ય આપણા અધ્યાત્મમાસિકમાં કામ ન આવે. અને હવે તો લડાઈ પણ શાંત થઈ ગઈ! માટે મોહશત્રુ સામે લડવાની બહાદુરી પ્રગટ કરીને, તેનું કાવ્ય લખી મોકલશો, તો તે આવકારીશું.

**શ્રી ચીમનભાઈ મોદી, : મુંબઈ**

卐 ગુરુદેવ પ્રત્યે ભક્તિ કરતાં આ ભાઈ લખે છે કે "આત્મધર્મ અજોડ આવે છે; ન્યાયો વાંચીને ઘણી વિચારણાઓમાં સુધારા થાય છે, આત્માસન્મુખ પ્રેરણા થાય છે" આ ઉપરાંત બાલવિભાગ ચાલુ થાય છે તે બદલ આનંદ વ્યક્ત કર્યો છે, અને બાલવિભાગના બાળકોને એક કથાપુસ્તક ભેટ આપવાની ભાવના દર્શાવી છે.–તે બદલ તેમને ધન્યવાદ!

**( શ્રી ચરલકુમારજી : માંડલ )**

卐 માંડલથી ત્રણ વર્ષના ચરલકુમાર ભાંગ્યાતૂટયા અક્ષરમાં પૂછે છે કે 'ભગવાન ક્યાં છે? ચરલકુમારજી! ત્રણ વર્ષની ઉમરમાં તમે ભગવાનનું નામ લેતા શીખ્યા તે બદલ ધન્યવાદ! તમારા જવાબમાં લખવાનું કે, ભગવાન બે જાતના છે;

અત્યારે તો તમારા ગામમાં જિનમંદિર હોય તો ત્યાં જઈને ભગવાનના દર્શન કરી આવજો.

ને બીજા ભગવાન તમારી પાસે જ છે,–પણ એ 'ભગવાન' ના દર્શન તો તમે આઠ વર્ષના થઈ જાવ ત્યાર પછી જ થઈ શકે.–માટે ઝટ મોટા થઈ જાવ.

卐 બાલવિભાગના બીજા કેટલાક સભ્યોના પ્રશ્નો આવેલા છે, તેના જવાબો હવે પછી આપીશું. ઉષાબેન કાન્તિલાલ શાહે જૈનધર્મનું "રામચરિત્ર" લખી મોકલ્યું છે; તે સારું છે, પરંતુ હમણાં તો ઋષભદેવ ભગવાનનું જીવનચારિત્ર શરુ કરવાનું છે તેથી રામચરિત્રનું ભવિષ્યમાં વિચારશું.

---

**વૈરાગ્ય સમાચાર:** ધારશીભાઈ વીરચંદ પરનાળાવાળા તા. ૧૭–૧–૬૬ ના રોજ રાત્રે સોનગઢમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. ને સોનગઢ રહીને સત્સંગનો લાભ લેતા હતા.

---

## વિવિધ વચનામૃત

સ્થળસંકોચને કારણે આ વિભાગ આ અંકમાં આપી શકાયો નથી.

# શરમજનક જન્મોથી હવે બસ થાવ

આ આત્મા અશરીરી ચૈતન્યમૂર્તિ છે, તેણે જડ દેહ ધારણ કરીને જન્મ–મરણમાં રખડવું પડે એ શરમ છે. એ શરમજનક જન્મો ટાળવા માટે પહેલાં આત્માને અંદરમાં ધગશ જાગવી જોઈએ...અરે, હું સિદ્ધભગવાન જેવો ચૈતન્યમૂર્તિ આત્મા, ને મારે આવા અવતાર કરવા પડે–એ શરમ છે! મારો અતીન્દ્રિયઆનંદ મારામાં ને મારે આ જડ ઢીંગલા જેવી ઈન્દ્રિયોને ધારણ કરી કરીને ભવભવમાં ભટકવું પડે એ–શરમ છે. હવે આવા અવતારથી બસ થાઓ. મારા ચૈતન્યનિધાનને ખોલીને આ શરમજનક જન્મોનો અંત કરું.–આમ અંતરમાં મોક્ષાર્થી થઈને જેને આત્માની ખરી જિજ્ઞાસા જાગે તે જીવ પ્રયત્નપૂર્વક આત્માને જાણીને, તેમાં લીનતાવડે મોક્ષને સાધે છે,–પછી ફરીને દેહ ધારણ કરતો નથી.

જે ધ્યાવે નિજાત્મને અશુચી દેહથી ભિન્ન,
શરમજનક જન્મો ટળે, ધરે ન દેહ નવીન.

# સાચો બંધુ

અનંતજ્ઞાનાદિ યુક્ત સિદ્ધભગવંતો ત્રણલોકના જીવોના બંધુ છે. પરમાત્મપ્રકાશ ગા. ૨૦૨માં કહે છે કે સિદ્ધપરમેષ્ઠીનું ધ્યાન કરીને ભવ્યજીવો ભવસાગરને તરે છે માટે સિદ્ધભગવાન ભવ્યજીવોના સાચા બંધુ છે. જે હિતકર હોય તેને બંધુ કહેવાય. પાંચે પરમેષ્ઠી ભગવંતો સાચા બંધુ છે. આત્માનું હિત બતાવનારા સન્તો એ આ જગતમાં પરમ હિતકારી બંધુ છે. સિદ્ધભગવાન જેવું આત્માનું શુદ્ધસ્વરૂપ લક્ષમાં લેતાં સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે ને આત્માનું પરમ હિત થાય છે. એવું સ્વરૂપ દેખાડનારા ને સાધનારા જીવો તે જ સાચા હિતકર બંધુ છે.

卐

## મહા માસના મંગલ દિવસો

(દરેક માસમાં તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણક વગેરે મંગલ દિવસો સંબંધી યાદી આપણે અહીં આપીશું. તે અનુસાર મહા માસના મંગલ દિવસો નીચે મુજબ છે–)

| | |
|---|---|
| મહા સુદ ૪ | વિમલનાથ ભગવાનનો જન્મ તથા દીક્ષા. |
| મહા સુદ ૬ | વિમલનાથ ભગવાનને કેવળજ્ઞાન. |
| મહા સુદ ૧૦ | અજિતનાથ ભગવાનનો જન્મ તથા દીક્ષા. |
| મહા સુદ ૧૨ | અભિનંદન ભગવાનનો જન્મ તથા દીક્ષા. |
| મહા સુદ ૧૩ | ધર્મનાથ ભગવાનનો જન્મ તથા દીક્ષા. |
| મહા વદ ૪ | પદ્મપ્રભ ભગવાનનો મોક્ષ. |
| મહા વદ ૬ | સુપાર્શ્વનાથ ભગવાનને કેવળજ્ઞાન. |
| મહા વદ ૭ | સુપાર્શ્વનાથ ભગવાનનો મોક્ષ તથા ચંદ્રપ્રભ ભગવાનને કેવળજ્ઞાન. |
| મહા વદ ૯ | પુષ્પદંતપ્રભુનો ગર્ભકલ્યાણક. |
| મહા વદ ૧૧ | ઋષભદેવપ્રભુને કેવળજ્ઞાન તથા શ્રેયાંસનાથ ભગવાનનો જન્મ અને દીક્ષા. |
| મહા વદ ૧૨ | મુનિસુવ્રત ભગવાનનો મોક્ષ. |
| મહા વદ ૧૪ | વાસુપૂજ્ય ભગવાનનો જન્મ તથા દીક્ષા. |

તે સર્વે કલ્યાણકારી તીર્થંકર ભગવંતોને નમસ્કાર હો.

“આત્મધર્મ” ના વિકાસ માટે તથા ‘બાલવિભાગ’ માટે આવેલ રકમોની સાભાર નોંધ

| | | |
|---|---|---|
| ૨૧) | શ્રી નાથુલાલજી જૈન | ઇન્દૌર |
| ૨૧) | શ્રી પન્નાલાલજી ખેમરાજ જૈન | ખેરાગઢ |
| ૨૧) | શ્રી જુગરાજજી જૈન | મુંબઈ |
| ૫૧) | શ્રી ઉજમબેન ચુનીલાલ | સોનગઢ |
| ૨૫) | શ્રી જયંતિલાલ હીરાચંદ | સોનગઢ |
| ૧૦૧) | શ્રી નવલચંદ જગજીવન શાહ | સોનગઢ |
| ૭૬) | શ્રી જુગરાજજી જૈન | મુંબઈ |
| ૨૫) | શ્રી પ્રેમચંદ ઓઘડભાઈ | ચૂડા |
| ૨૫) | શ્રી જેચંદભાઈ શિવલાલ | ચૂડા |
| ૧૦૧) | શ્રીસુનીલકુમાર મનોજકુમાર | દિલ્હી |
| ૧૦૧) | શ્રી કાંતીલાલ પ્રેમચંદ ઘડીયાળી | મોરબી |
| ૫૧) | શ્રી શિવલાલ ગોકળદાસ શાહ | મોરબી |
| ૫૧) | શ્રી ચંપકલાલ વિક્રમચંદ સંઘવી | મુંબઈ |
| ૫૧) | શ્રી ગિરિશકુમાર ચંદ્રકાન્ત દોશી | મુંબઈ |
| ૨૫) | શ્રી હરગોંવિંદદાસ દેવચંદ | સોનગઢ |

(વિશેષ આવતા અંકે)

*****

ગુરુદેવને એક વખત બાહુબલી ભગવાનના અદ્‌ભુત–આશ્ચર્યકારી દર્શનનું સ્વપ્ન આવ્યું હતું. સ્થળસંકોચને કારણે વિગત આવતા અંકમાં આપીશું.

# પરમ શાંતિ દાતારી
# અધ્યાત્મ ભાવના

( આત્મધર્મની સહેલી લેખમાળાઃ લેખ નં. ૩૪, અંક ૨૬૬ થી ચાલુ )

**ભગવાન શ્રી પૂજ્યપાદસ્વામીરચિત 'સમાધિશતક' ઉપર પૂ. ગુરુદેવના અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

( વીર સં. અષાઢ વદ ત્રીજઃ ગાથા ૬૨ )

જીવ શરીરાદિકમાં જ્યાંસુધી આત્મબુદ્ધિથી પ્રવીત્ત કરે છે ત્યાં સુધી જ સંસાર છે, અને ભેદજ્ઞાન થતાં તે પ્રવૃત્તિ મટી જાય છે ને મુક્તિની પ્રાપ્તિ થાય છે–એમ હવે કહે છે–

स्वबुद्धया यावद्गृह्णीयात् कायवाक्चेतसां त्रयम्।
संसारस्तावदेतेषां भेदाभ्यासे तु निवृत्तिः।।६२।।

કાય, વચન ને મન એ ત્રણે હું છું–એમ જ્યાંસુધી સ્વબુદ્ધિથી જીવ તેને ગ્રહણ કરે છે ત્યાંસુધી તે મિથ્યાબુદ્ધિને લીધે તેને સંસાર છે. જ્ઞાનસ્વરૂપ હું છું ને શરીરાદિ મારાથી જુદા છે–એવા ભેદજ્ઞાનપૂર્વક ભેદના અભ્યાસથી સંસારની નિવૃત્તિ થાય છે.

હું જ્ઞાતા ચિદાનંદસ્વરૂપ છું–એમ જે પોતાના આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં ગ્રહણ કરતો નથી, ને શરીર–મન–વચન હું એમ ગ્રહણ કરે છે તે મૂઢ જીવ બહિરાત્મા છે; જ્યાંસુધી શરીરાદિને આત્મબુદ્ધિથી ગ્રહણ કરે છે ત્યાં સુધી જ સંસાર છે. અને હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું, શરીર–મન–વચન હું નથી, તે મારાથી ભિન્ન છે–એવા ભેદના અભ્યાસથી સંસારની નિવૃત્તિ થાય છે.

જડ સાથે એકત્વબુદ્ધિ તે સંસારનું કારણ છે; અને ભેદજ્ઞાનનો અભ્યાસ એટલે કે દેહાદિથી અત્યંત ભિન્ન એવા ચૈતન્યતત્ત્વની વારંવાર ભાવના–તે મુક્તિનો ઉપાય છે. ભેદજ્ઞાનથી જ મોક્ષના ઉપાયની શરૂઆત થાય છે, ને પછી પણ ભેદજ્ઞાનની ભાવનાથી જ મુક્તિ થાય છે.

નિયમસારમાં કહે છે કે–"આવો ભેદનો અભ્યાસ થતાં જીવ મધ્યસ્થ થાય છે, તેથી ચારિત્ર થાય છે." ભેદજ્ઞાન તે જ મોક્ષનું કારણ છે. સમયસારમાં પણ કહ્યું છે કે–જે કોઈ જીવો સિદ્ધ થયા છે તેઓ ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે, ને જે કોઈ જીવો બંધાયા છે તે ભેદજ્ઞાનના અભાવથી જ બંધાયા છે. માટે–

भावयेत् भेदविज्ञानं इदमच्छिन्नधारया।
तावत् यावत् परात्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।

અચ્છિન્નધારાએ આ ભેદજ્ઞાન ત્યાંસુધી ભાવવું કે જ્યાંસુધી જ્ઞાન પરભાવોથી છૂટીને જ્ઞાનમાં જ લીન થઈ જાય.–જુઓ, આવા ભેદજ્ઞાનવડે શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. જે હજી તો એમ માને કે દેહ–વાણી તે હું છું, તેનાં કામ હું કરું છું,–તે તો દેહથી ભિન્ન આત્માને ક્યારે ધ્યાવે? ને તેને સમાધિ કે મોક્ષમાર્ગ ક્યાંથી થાય? તે તો પરમાં લીન થઈને સંસારમાં રખડે છે.

આત્મા તો સ્વપ્રકાશક જ્ઞાતા છે, આ આંખ તો જડ છે, તે આંખ કાંઈ જાણતી નથી; આ શરીર, ઈન્દ્રિયો, મન, વચન તે બધાય જડ છે, તે કોઈ આત્મા નથી, આત્મા તે કોઈની ક્રિયાનો કરનાર નથી, આત્મા તો પોતાના જ્ઞાન–આનંદસ્વરૂપ છે.–આ પ્રમાણે જેના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રમાં પરથી ભિન્ન ચૈતન્યતત્ત્વનો સ્વીકાર છે તે જીવ મુક્તિ પામે છે. અને પરદ્રવ્યોને એકત્વબુદ્ધિથી જે ગ્રહણ કરે છે તે સંસારમાં રખડે છે.

શરીર–મન–વાણીને જ જે પોતાનું સ્વરૂપ માને છે તેને શરીરાદિ જડથી ભિન્ન પોતાનું જ્ઞાન–આનંદસ્વરૂપ ભાસતું નથી, એટલે શરીરાદિ ઉપરની દ્રષ્ટિથી તેને સદાય અસમાધિ જ રહે છે. જ્ઞાની તો જાણે છે કે દેહ–મન–વાણી તે કોઈની સાથે મારે કાંઈ લાગતું વળગતું નથી; તેનું ગમે તે થાઓ, હું તો જ્ઞાન–આનંદસ્વરૂપ જ છું–આવા ભાનમાં ચૈતન્યસ્વરૂપના આશ્રયે ધર્મીને સમાધિ થાય છે. શરીરમાં રોગાદિ આવે કે નિરોગી રહે તે–બંનેદશામાં હું તો તેનાથી જુદો જ છું–એમ ભિન્નતા જાણીને જ્ઞાની પોતાના ચૈતન્યસ્વભાવની જ ભાવના કરે છે. અજીવના એક અંશને પણ પોતાનો માનતા નથી; એટલે તે તો ચૈતન્યસ્વભાવમાં લીન થઈને મુક્તિ પામે છે. આ રીતે ભેદજ્ઞાનને મોક્ષનું કારણ જાણીને હે જીવ! તું નિરંતર તેનો ઉદ્યમ કર. ા ૬૧ ા

શરીરાદિ સાથે એકતાની બુદ્ધિ તે સંસારનું કારણ છે, ને શરીરથી ભિન્ન ચિદાનંદસ્વરૂપનું યથાર્થ જ્ઞાન તે મોક્ષનું કારણ છે–એમ કહ્યું. હવે, ધર્માત્માને શરીરથી ભિન્ન આત્માનું ભેદજ્ઞાન કેવું હોય તે દ્રષ્ટાંતથી સમજાવે છે; જેમ શરીર અને વસ્ત્ર બંને જુદા છે, તેમ આત્મા અને શરીર બંને જુદા છે; ધર્મીને વસ્ત્રની માફક આ શરીર પોતાથી પ્રગટ ભિન્ન ભાસે છે.–તે વાત ચાર ગાથદ્વારા બહુ સરળ રીતે સમજાવે છે–

घनेवस्त्रे यथाऽऽत्मानं न घनं मन्यते तथा।
घने स्वदेहेप्यात्मानं न घनं मन्यते बुधः।।६३।।

જેમ લોકિકમાં માણસો મોટું જાડું વસ્ત્ર પહેર્યું હોય ત્યાં પોતાને તે જાડાવસ્ત્રરૂપ નથી માનતા; તેમ આત્મા ઉપર આ શરીરરૂપી વસ્ત્ર છે; તે જાડા શરીરથી બુધપુરુષો પોતાને

તે શરીરરૂપ–પૃષ્ટ નથી માનતા. જેમ જાડા વસ્ત્રથી કાંઈ શરીરની પૃષ્ટિ નથી, તેમ પુષ્ટ શરીરથી કાંઈ આત્માની પુષ્ટિ નથી.–આ રીતે જ્ઞાની પ્રગટપણે પોતાના આત્માને દેહથી તદ્ન ભિન્ન દેખે છે. આત્માનું શરીર તો જ્ઞાન ને આનંદમય છે, આ જડ શરીર આત્માનું નથી. શરીર અને વસ્ત્ર તો બંને જડ છે, અને અહીં શરીર અને આત્મા તો બંનેની જાત જ જુદી છે, આત્મા તો ચૈતન્યમૂર્તિ, ને શરીર તો અચેતનમૂર્તિ, એમ બંનેનો સ્વભાવ જ જુદો છે. વસ્ત્રના પરમાણુ તો પલટીને કદી શરીરરૂપ થાય પણ ખરા, પરંતુ શરીર પલટીને કદી આત્મારૂપ થાય નહિ, ને આત્મા કદી શરીરરૂપ જડ થાય નહિ; બંનેની જાત જ અત્યંત જુદી છે. જ્ઞાની તો પોતાના આત્માને ચેતનપણે જ દેખે છે, જડશરીરને કદી પોતાપણે દેખતા નથી. જુઓ, તદ્ન સહેલું દ્રષ્ટાંત આપીને દેહ અને આત્માનું ભિન્નપણું સમજાવ્યું છે. વસ્ત્ર તો ઘણા બદલે પણ શરીર તો તેને તે જ રહે છે, તેમ શરીરો અનેક બદલ્યા છતાં આત્મા તો તેનો તે જ છે. જો દેહ તે જ આત્મા હોય તો દેહના નાશથી આત્માનો નાશ થવો જોઈએ; દેહની પુષ્ટિથી આત્માના જ્ઞાનાદિની પુષ્ટિ થવી જોઈએ;–પણ એમ તો બનતું નથી. દેહ પુષ્ટ હોય છતાં જીવ બુદ્ધિહીન પણ હોય છે. જેમ વસ્ત્ર ફાટી જાય તેથી શરીર તૂટી જતું નથી, કેમકે બંને જુદાં છે; તેમ શરીર તૂટે તેથી કાંઈ આત્મા નાશ થઈ જતો નથી, કેમકે બંને જુદાં છે. માટે આત્મા દેહથી તદ્ન જુદા જ સ્વભાવવાળો છે. આમ જ્ઞાની પોતાના આત્માને દેહથી જુદો જાણીને તેની જ ભાવના ભાવે છે; અને આવી આત્મભાવના તે મુક્તિનો ઉપાય છે.

( વીર સં. ૨૪૮૨, અષાઢ વદ ૪ )

* * *

જ્ઞાની અંતરાત્મા પોતાના આત્માને દેહથી અત્યંત જુદો જાણે છે તેની આ વાત છે. પરથી ભિન્ન જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણીને તેમાં એકાગ્રતા કરવી તેનું નામ સમાધિ છે. એ સિવાય પરચીજ મારી ને હું તેનો અધિકારી–એવી જેની માન્યતા છે તેને રાગ–દ્વેષ–મોહરૂપ અસમાધિ છે.

જેમ જાડું વસ્ત્ર પહેરવાથી મનુષ્ય પોતાને પુષ્ટ નથી માનતો, તેમ હૃષ્ટ–પુષ્ટ યુવાન શરીરમાં રહેવાથી ધર્મી પોતાને તે શરીરરૂપે નથી માનતો; ધર્મી જાણે છે કે આ યુવાન શરીર કે તેની ક્રિયાઓ તે હું નથી, હું તો ચૈતન્યમય આત્મા છું. જેમ જડ થાંભલો મારાથી જુદો છે, તેમ આ દેહ પણ મારાથી જુદો છે. અજ્ઞાની મૂઢ જીવ દેહથી જુદાઈ જાણતો નથી એટલે દેહાદિપ્રત્યેના રાગદ્વેષ છોડીને છૂટકારો થવાનો ઉપાય પણ તે જાણતો નથી. દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વને લક્ષમાં લીધા વગર રાગાદિ છોડવા માગે તો તે છૂટી શકે

નહિ. ચૈતન્યના આનંદમાં એકાગ્રતા વડે જ રાગાદિ છૂટે છે.

શરીર જ હું નથી, તો પછી શરીરની નિરોગતાથી મને સુખ થાય–એ વાત ક્યાં રહી? શરીર આત્માથી જુદું છે, તે શરીરવડે આત્માને સુખ–દુઃખ નથી, આત્મા પોતે જ સુખ–દુઃખરૂપે પરિણમે છે. આત્માનો સહજસ્વભાવ તો ચિદાનંદ–સુખસ્વરૂપ છે, તેના અનુભવમાં તો સુખ છે, પણ તેને મૂકીને અજ્ઞાની શરીરને પોતાનું માનીને તેના ઉપર રાગદ્વેષ કરીને તે રાગદ્વેષને અનુભવે છે, તે દુઃખ અને અસમાધિ છે. જ્ઞાની તો જાણે છે કે જ્ઞાન અને આનંદથી પુષ્ટ એવો મારો આત્મા છે, તે જ મારું સ્વ છે.–આવા આત્મભાનમાં જ્ઞાની પોતાના ચૈતન્યસુખને અનુભવે છે, તે સમાધિ છે, તે મોક્ષનું કારણ છે.

# આપનો સહકાર

આપ છેલ્લા ત્રણ અંકથી જોઈ શક્યા હશો કે આપનું પ્રિય માસિક "આત્મધર્મ" અનેકવિધ નવીનતા સાથે વિકાસના પંથે કદમ માંડી રહ્યું છે. આપ આત્મધર્મના ગ્રાહક થઈને તેમજ બીજા જિજ્ઞાસુઓને પણ ગ્રાહક બનાવીને, એ રીતે વાચકવર્ગ વધારીને આત્મધર્મના વિકાસમાં આપનો સહકાર આપી શકો છો. 'આત્મધર્મ' એ અત્યંત નિષ્પક્ષપણે ઉત્તમશૈલીથી જિનવાણી ને ગુરુવાણીનો પ્રચાર કરનારું સાધન છે, એના વિકાસમાં દરેક આત્માર્થી જીવોનો સહકાર છે.

卐 卐 卐 卐 卐

# સમ્યગ્દર્શનઃ પુસ્તક પહેલું-બીજું-ત્રીજુંઃ

ત્રણ પુસ્તકોના સેટની પડતર કિંમત રૂા. છ હોવા છતાં પ્રકાશકોની ભાવનાથી તેની કિંમત માત્ર રૂા. બે રાખવામાં આવી છે. સમ્યક્ત્વની પ્રેરણા આપનારા આ પુસ્તકો સર્વે જિજ્ઞાસુઓને ખાસ ઉપયોગી છે. પ્રાથમિક જિજ્ઞાસુઓને પણ સમજાય તેવા છે. થોડી જ પ્રતો બાકી છે. બીજું પુસ્તક રત્નસંગ્રહ, ચૂંટેલા એકસો સર્વોપયોગી રત્નોનો રંગબેરંગી સંગ્રહ કિંમત રૂા. ૧– બેસખીઃ અંજનાચારિત્ર ૦=૫૦




( લેખાંકઃ ૯ )

*****

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓને પ્રિય, દશ પ્રશ્ન-દશ ઉત્તરનો આ વિભાગ પૂ. ગુરુદેવ પાસે થયેલ તત્ત્વચર્ચાઓમાંથી તેમજ શાસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવે છે. -સં.**

*

( ૮૧ ) પ્રશ્નઃ– જ્ઞાન અને જ્ઞેય બંનેનું ક્ષેત્ર સરખું છે ?

ઉત્તરઃ– ના; જ્ઞાનના ક્ષેત્ર કરતાં જ્ઞેયનું ક્ષેત્ર અનંતગુણ અધિક છે. ‘જ્ઞાનનું ક્ષેત્ર તો અસંખ્યપ્રદેશ છે ને જ્ઞેય તો અનંત પ્રદેશી લોકાલોક છે.

卐

( ૮૨ ) પ્રશ્નઃ– નાના ક્ષેત્રમાં મોટું ક્ષેત્ર કઈ રીતે જણાય ? જ્ઞાનનું ક્ષેત્ર તો નાનું છે ને જ્ઞેયનું ક્ષેત્ર તો મહાન છે, તો નાના ક્ષેત્રવાળા જ્ઞાનમાં મોટા ક્ષેત્રવાળું જ્ઞેય કેવી રીતે જણાય ?

ઉત્તરઃ– જાણનારની એવી જ શક્તિ છે કે તે અનંત જ્ઞેયોને જાણી લ્યે છે. મોટા જ્ઞેયને જાણવા માટે ક્ષેત્રથી મોટું થવાની જરૂર પડતી નથી. જ્ઞાનનું સામર્થ્ય વધતાં તેનું ક્ષેત્ર પણ વધે એવો નિયમ નથી. નહિતર તો કેવળજ્ઞાન થતાં તે આત્મા લોકાલોકમાં ક્યાંય સમાય જ નહિ. કેવળજ્ઞાનનું ક્ષેત્ર મર્યાદિત છે પણ તેનું ભાવસામર્થ્ય અમર્યાદિત છે; તેથી પોતાના કરતાં અનંતગુણા મોટા ક્ષેત્રને પણ તે જાણી લ્યે છે. જેમ પોતે એક હોવા છતાં અનંતા જ્ઞેયપદાર્થોને જાણી લ્યે છે, જેમ પોતે એક સમયનું હોવા છતાં અનંતકાળને જાણી લ્યે

છે, તેમ પોતે મધ્યમ ક્ષેત્રવાળું હોવા છતાં કેવળજ્ઞાન અનંત અલોકના ક્ષેત્રને જાણી લ્યે છે, એવી બેહદ અચિંત્ય તાકાત તેને ખીલી ગઈ છે. આવા બેહદ સામર્થ્યવાળા કેવળજ્ઞાનનો નિર્ણય કરનારું જ્ઞાન પણ બેહદ સામર્થ્યવાળું–અતીન્દ્રિય થઈ જાય છે. તે જ્ઞાન પરભાવમાં ક્યાંય અટકતું નથી.

卐

( ૮૩ ) પ્રશ્નઃ– વિકલ્પને તોડવાની વિધિ શું છે?

ઉત્તરઃ– પ્રજ્ઞાવડે જ્ઞાનનું વેદન તે જ વિકલ્પને તોડવાની વિધિ છે. ભેદજ્ઞાનની ઉત્પત્તિના કાળે જ્ઞાન પોતાના સ્વરૂપમાં વળી ગયેલું છે; તે કાળે વિકલ્પનો અભાવ છે.

જ્ઞાનનું લક્ષણ ને રાગનું લક્ષણ એ બનેનાં લક્ષણની ઓળખાણવડે ભિન્નતા જાણીને, સંધિ છેદીને જ્ઞાન અંતર્સ્વરૂપમાં વળ્યું એ જ અપૂર્વ અનુભૂતિનો ને સમ્યક્ત્વની ઉત્પત્તિનો કાળ છે. સંધિ છેદનારું આ જ્ઞાન અતીવ તીક્ષ્ણ છે–ઘણું જ ઉપશાંત–ધીરું–એકાગ્ર થઈને અંદરમાં વળ્યું છે.

ભવને છેદનારું આવું જ્ઞાન, ભેદજ્ઞાનના નિરંતર અભ્યાસવડે પ્રગટ કરવું તે જ વિકલ્પને તોડવાની વિધિ છે.

卐

( ૮૪ ) પ્રશ્નઃ– સંત–સજ્જનોને જગતમાં શું પ્રિય છે?

ઉત્તરઃ– આનંદનું ધામ એવો શુદ્ધ આત્મા સંતોને પ્રિય છે.

દિનરાત તેઓ એને જ ધ્યેયપણે ધ્યાવે છે.

"સુખધામ અનંત સુસંત ચહી,
દિનરાત રહે તદ્ ધ્યાન મહીં"

卐

( ૮૫ ) પ્રશ્નઃ– આત્માના સર્વ પ્રદેશે કર્મો બંધાયેલા છે–તેની સાબિતિ શું?

ઉત્તરઃ– કેમકે કર્મના બંધનું કારણ જે રાગાદિભાવો છે તે પણ સર્વ આત્મપ્રદેશોમાં છે. આત્માના અમુક પ્રદેશોમાં રાગ થાય ને બીજા પ્રદેશો રાગ વગરના રહે એમ બનતું નથી.

હવે જેમ કર્મ અને તેના કારણરૂપ રાગ સર્વપ્રદેશે છે તેમને કર્મસંબંધને છેદનાર ને રાગને છેદનાર એવો જ્ઞાનભાવ પણ સર્વ આત્મપ્રદેશે છે.

આ રીતે જ્ઞાન રાગ ને કર્મસંબંધ એક ક્ષેત્રે સર્વઆત્મપ્રદેશે હોવા છતાં લક્ષણભેદે તેમાં ભિન્નતા છે. જ્ઞાન તો સ્વલક્ષણભૂત ચૈતન્યસ્વભાવ સાથે તન્મય છે. રાગનો સંબંધ અજીવકર્મ સાથે છે; તે રાગ અને કર્મ બંને શુદ્ધજીવના લક્ષણભૂત નથી. જે જ્ઞાન છે તે જ આત્માની સ્વજાત છે. રાગ તે શુદ્ધજીવની જાત નથી, માટે તે જીવ નથી. રાગ વગરનો જીવ હોય, કર્મના સંબંધ વગરનો જીવ હોય, પણ જ્ઞાન વગરનો જીવ કદી ન હોય.

卐

( ૮૬ ) પ્રશ્નઃ– આત્મા કેટલો ?

ઉત્તરઃ– વીતરાગી સ્વસંવેદનજ્ઞાનમાં જે ગ્રાહ્ય થાય તેટલો.

હે શિષ્ય! વીતરાગી સ્વસંવેદનજ્ઞાનથી ગ્રાહ્ય થાય તેને જ તું નિઃસંદેહપણે આત્મા જાણ. સ્વસંવેદનજ્ઞાન હંમેશા વીતરાગી જ હોય છે; તે સ્વસંવેદનમાં રાગની સહાય નથી. રાગથી ભિન્ન વસ્તુની પ્રાપ્તિ રાગવડે કેમ થાય ? ન થાય; વીતરાગી સ્વસંવેદનથી જ તેની પ્રાપ્તિ થાય છે.

卐

( ૮૭ ) પ્રશ્નઃ– 'અપલક્ષણ' એટલે શું ?

ઉત્તરઃ– લક્ષણથી વિરુદ્ધ તે અપલક્ષણ. આત્માનું લક્ષણ જ્ઞાન છે; તે લક્ષણથી વિરુદ્ધ એવા રાગાદિ તે અપ–લક્ષણ છે; જ્ઞાનલક્ષણને ભૂલીને જે જીવ રાગાદિથી લાભ માને છે તે અપલક્ષણને સેવનારો છે. પ્રભુ આત્મામાં જ્ઞાનાદિ નિજગુણોનો પાર નથી. પણ તેને ભૂલીને તે રાગાદિને સેવતો થકો, તેટલો જ પોતાને માનીને પામર થઈ રહ્યો છે. પ્રભુ! સ્વલક્ષણથી તારા આત્માને જાણીને તેનો વિશ્વાસ કર.

卐

( ૮૮ ) પ્રશ્નઃ– શુદ્ધઉપયોગ અને શુદ્ધપરિણતિ એ બેમાં શું ફેર ?

ઉત્તરઃ– શુદ્ધઉપયોગ તો સ્વરૂપના નિર્વિકલ્પધ્યાન વખતે જ હોય છે; નીચે ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને તે ક્યારેક ક્યારેક હોય છે. સાતમા ગુણસ્થાનથી શરૂ કરીને ઉપર તે નિરંતર હોય છે. જ્યારે શુદ્ધપરિણતિ તો ધર્મીને સદાય ભૂમિકા અનુસાર વર્તતી જ

હોય છે, ચોથા ગુણસ્થાનથી જ શુદ્ધપરિણતિ શરૂ થઈ જાય છે તે વૃદ્ધિગત થતી જાય છે. શુદ્ધઉપયોગ ન હોય ત્યારે પણ ધર્મીને સમ્યક્ત્વાદિ ધર્મ વર્તે છે; શુદ્ધપરિણતિ ન હોય ત્યાં ધર્મ ન હોય. શુભ–કે અશુભ પરિણામ વખતે પણ સમ્યક્ત્વાદિ જે શુદ્ધપરિણતિ પ્રગટી છે તે તો ધર્મીને વર્તે જ છે. શુભ કે અશુભ ઉપયોગના કાળે શુદ્ધઉપયોગ ન હોય પણ શુદ્ધપરિણતિ તો ધર્મીને હોય. શુદ્ધઉપયોગ તે જ્ઞાનની સ્વસન્મુખ પરિણતિ છે; ને શુદ્ધપરિણતિ તો શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં, સુખમાં એમ બધા ગુણની પરિણતિમાં હોય છે. આ રીતે શુદ્ધોપયોગ તથા શુદ્ધપરિણતિની વિશેષતા જાણવી. શુદ્ધોપયોગને પણ શુદ્ધપરિણતિ તો કહી શકાય. શુદ્ધઉપયોગ કે શુદ્ધપરિણતિ એ બંને રાગ વગરના છે. શુભઉપયોગ તે શુદ્ધ નથી, તેનો સમાવેશ અશુદ્ધઉપયોગમાં છે, ને તે અશુદ્ધપરિણતિમાં જાય છે. જેટલી શુદ્ધપરિણતિ છે તેટલો જ ધર્મ છે.

卐

( ૮૯ ) પ્રશ્નઃ– એક તરફથી નરકમાં પણ સમ્યગ્દ્રષ્ટિને સુખરસની ગટાગટી કહી, ને બીજી તરફ અહીંના મુનિ સ્વર્ગમાં જાય ત્યાં તે પુણ્યસંપદારૂપ કલેશને ભોગવે છે એમ કહ્યું, તો નરકમાં સુખ કહ્યું ને સ્વર્ગમાં કલેશ કહ્યો–એ કઈ રીતે ?

ઉત્તરઃ– નરકમાં સમ્યગ્દ્રષ્ટિને જે સુખ કહ્યું તે સમ્યગ્દર્શન સહિત જેટલું સુખ પ્રગટયું છે તેની મુખ્યવિવક્ષાથી કહ્યું છે. અને સ્વર્ગમાં સમ્યગ્દ્રષ્ટિને જે પુણ્યફળના ભોગવટામાં કલેશ કહ્યો તે તેના રાગની વિવક્ષાથી કહ્યું છે. તેની સાથે તેને સમ્યગ્દર્શનજન્ય જે સુખ છે તે તો વર્તે જ છે. પણ તેની સાથેના રાગમાં ( પુણ્યફળરૂપ જે સામગ્રી તે તરફના વલણમાં ) સુખ નથી પણ આકુળતા છે, એમ બતાવવા તેને કલેશનો ભોગવટો કહ્યો. ને નરકમાં સમ્યગ્દ્રષ્ટિને જે આકુળતા ને દુઃખ છે તેની મુખ્યતા ન કરતાં, તે વખતે સ્વરૂપાચરણદશાનું જે પરમસુખ તેને પ્રગટયું છે તે બતાવવા તેને સુખરસની ગટાગટી કહી.–એમ સમજવું. સમ્યગ્દ્રષ્ટિનેય જેટલો પુણ્યના ફળના ભોગવટા તરફનો ભાવ છે તેટલું દુઃખ છે. જેટલી રાગરહિત પરિણતિ છે તેટલું જ સુખ છે.–પછી સ્વર્ગમાં હો કે નરકમાં.


卐

(૯૦) પ્રશ્નઃ– શુદ્ધઆત્મસ્વભાવને પહેલાં જાણવો, કે પહેલાં આદરવો?

ઉત્તરઃ– શુદ્ધઆત્મસ્વભાવનું જ્ઞાન અને આદર બંને એક સાથે જ થાય છે. જ્યાં તેનો આદર કર્યો ત્યાં જ્ઞાન તે તરફ ઝુકે જ; અને જ્યાં જ્ઞાન તે તરફ ઝુકે ત્યાં તેનો આદર થાય જ. શુદ્ધાત્માને જાણ્યા વગર તેનો આદર ક્યાંથી થાય? ને શુદ્ધાત્માનો આદર કર્યા વગર જ્ઞાન તે તરફ ઝુકે ક્યાંથી? આ રીતે શુદ્ધાત્માનું જ્ઞાન અને આદર બંને એક સાથે જ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એક સાથે છે.

શુદ્ધાત્માનો અનાદર રાખીને તેનું જ્ઞાન થઈ શકે નહિ. તેમજ શુદ્ધાત્માનું અજ્ઞાન રાખીને તેનો આદર થઈ શકે નહિ. શુદ્ધાત્માનું જ્ઞાન તેના આદરપૂર્વક જ થઈ શકે; ને શુદ્ધાત્માનો આદર તેના જ્ઞાનપૂર્વક જ થઈ શકે.

(આ અંકની ચર્ચા પૂરી. –जय जिनेन्द्र)



**સંતોની વાત ટૂંકી ને ટચ,**
**સ્વમાં વસ ને પરથી ખસ.**

**(યે ટૂંકીટચ બાત એકબાર ઓર પઢિયે)**




## બાલવિભાગની સ્તુતિ

અમે તો જિનવરનાં સંતાન,
અમારે ભણવા જૈનસિદ્ધાન્ત;
ભણવું ગણવું અમને વહાલું,
સાધર્મી પર છે વહાલ..
અમે તો જિનવરનાં સંતાન (૧)
ભણતાં ભણતાં મોટા થઈશું,
કરશું આત્માનું ભાન;
ઉપકાર એ ગુરુજી તણો છે,
વંદીએ વારંવાર.....
અમે તો જિનવરનાં સંતાન (૨)
જિનવરદર્શન, ગુરુની સેવા,
શાસ્ત્ર તણો અભ્યાસ;
રત્નત્રયને પ્રગટ કરીને,
જઈશું સિદ્ધની પાસ....
અમે તો જિનવરનાં સંતાન (૩)

આપણા બાલવિભાગની આ સ્તુતિ છે, તે તમે વાંચજો, મોઢે કરજો, તમારી નોટબુકમાં ઉતારી લેજો...ને રોજ બોલજો.

## “અમે જિનવરનાં સન્તાન”

ધર્મવત્સલ બાલબંધુઓ,

આપણા આ બાલવિભાગનું મથાળુ શું છે? –વાંચો જોઈએ! ‘અમે જિનવરનાં સન્તાન’ એવું મથાળું છે. આપણે ‘જૈન’ છીએ, જૈન એટલે જિનવરદેવનાં સન્તાન; જિનવરદેવ આપણા ધર્મપિત્તા; તેઓએ આપણને મોક્ષનો માર્ગ બતાવ્યો છે. જિનવરપ્રભુના સાચા સન્તાન થવાં માટે આપણે તેમને ઓળખવા જોઈએ. જિનવર કોને કહેવાય? તે કેવા હોય? તે શું કરે? તેમણે કેવો ઉપદેશ આપ્યો? એ બધુંય આપણે ઓળખવું જોઈએ, તો જ આપણે જિનવરના સાચા પુત્ર કહેવાઈએ, એટલે કે જૈન કહેવાઈએ. જિનવરપ્રભુ કેવા હોય તેની ઓળખાણ આપણે આવતા અંકમાં આપીશું.

## કોયડા ઉકેલી આપો

(બાળકો, તમને ઉખાણાના કોયડા ઉકેલવા બહુ ગમે કેમ! તો આ પાંચ કોયડા વાંચ્યા ભેગા જ ઉકેલી આપો.)

(૧)

આકાશમાં વિચરે છે પણ પંખી નથી,
દેવ છે પણ એને દેવી નથી;
શરીર છે પણ ખાતા નથી,
બોલે છે પણ મોઢું ખોલતા નથી.
ચાલે છે પણ પગલાં ભરતા નથી
...એ કોણ?

(૨)

ભગવાન છે પણ બોલતા નથી,
બધું જાણે છે પણ આંખ નથી;
કાંઈ આપતા નથી છતાં બધાને ગમે છે.
ને આપણને એની પાસે બોલાવે છે.
...એ કોણ?

(૩)

શાસ્ત્રી બતાવે છે,
ઉપદેશ રૂડો આપે છે;
સાધુથી પણ મોટા છે,
કુંદકુંદ પ્રભુના જોટા છે...એ કોણ?

(૪)

રત્નત્રયના ધારક છે,
ભક્તોને ભણાવે છે,
શાસ્ત્રોના અર્થ શીખવે છે,
શ્રુતજ્ઞાનના દરિયા છે
...એ કોણ?

(૫)

વન જંગલમાં વસે છે,
નિજસ્વરૂપને સાધે છે,
રત્નત્રયના ધારક છે,
પણ ‘આચાર્ય’ નથી...એ કોણ?

(બાળકો બાજુના પાંચે પ્રશ્નોના જવાબ તદ્ન સહેલા છે. તમને આવડી તો ગયા હશે. છતાં ન આવડયાં હોય તો, તમે ‘નમસ્કાર મંત્ર’ બોલશો એટલે તરત તમને પાંચેના જવાબ આવડી જશે. છતાંય ન આવડે તો આવતા અંકમાં જોઈ લેજો. (આના જવાબ લખીને મોકલવાના નથી.)

卐

## બોધવચનો

ચંદનને કોઈ કાપે તોપણ તેને તે સુગંધ જ આપે છે.

ગમે તેવા દુઃખમાંય સજ્જનો પોતાની સજ્જનતાને છોડતા નથી.

ગુણવાનની ઈર્ષા કરનાર ગુણ પામતો નથી; ગુણવાનનું અનુકરણ કરનાર ગુણ પામે છે.

વહેતું પાણી વચ્ચે આવતા પર્વતને ભેદીને પણ પોતાનો માર્ગ કરી લ્યે છે; તેમ જેનો પુરુષાર્થ વહેતો છે એવો મુમુક્ષુ પ્રતિકૂળતાના પહાડ વચ્ચેથી પણ પોતાનો માર્ગ કરી લ્યે છે.

# કરશું અમે કરશું અમે

આત્મધર્મમાં બાલવિભાગ શરૂ થતાં બાળકો ખૂબ જ આનંદિત થયા છે; આપણા આ બાલવિભાગ માટે એક બાલિકાએ ટચૂકડું કાવ્ય લખી મોકલ્યું છે. જેમ ખાવું–પીવું–ગાવું–ભણવું વગેરે રોજીંદુ કાર્ય સંસારમાં કરીએ તેમ હવે મોક્ષમાં જવા માટે શું કરશું? શું ગાવું? શું બોલવું? શું ખાવું? વગેરે કાર્યક્રમ બતાવીને આ કાવ્યમાં ધાર્મિક ભાવના વ્યક્ત કરી છે; તે સૌને ગમશે; ને બાળકોને ગાવામાં મજા આવશે.–સં.

કરશું અમે કરશું અમે આત્માનું જ્ઞાન કરશું અમે.
નમશું અમે નમશું અમે વીતરાગી દેવને નમશું અમે.
ભણશું અમે ભણશું અમે સાચા શાસ્ત્રોને ભણશું અમે.
ધરશું અમે ધરશું અમે રત્નત્રય ધર્મને ધરશું અમે.
ગાશું અમે ગાશું અમે પંચ પરમેષ્ઠી ગીત ગાંશુ અમે.
જાશું અમે જાશું અમે મુક્તિ નગરીમાં જાશું અમે.
મ્હાલશું અમે મ્હાલશું અમે અતીન્દ્રિય સુખમાં મ્હાલશું અમે.
સુણશું અમે સુણશું અમે સંતોની વાણી સુણશું અમે.
લડશું અમે લડશું અમે મોહ શત્રુની સામે લડશું અમે.
ભગાડશું અમે ભગાડશું અમે કર્મ સેનાને ભગાડશું અમે
જમશું અમે જમશું અમે સમકિતની સુખડી જમશું અમે.
લેશું અમે લેશું અમે સંતોની ચરણ રજ લેશું અમે.
ફરકાવશું અમે ફરકાવશું અમે જૈનધર્મનો ધ્વજ ફરકાવશું અમે
બોલશું અમે બોલશું અમે જિનવર કી જય! જય! બોલશું અમે.

–વાસંતીબેન એચ. મહેતા–સોનગઢ

(બાળકો, તમને આ કવિતા ગમી? આવતા અંકમાં આ બહેન તમને એકડે એકથી શરૂ કરીને એકડે મીંડે દશ સુધીનો પાઠ ભણાવશે. તમે કદાચ કહેશો કે અમને તો એકથી દશ સુધી પાકું આવડે છે! તો ભાઈ, ભલે આવડતું હોય! પણ અમારા સોનગઢના બાળક જેવું એકથી દશ સુધી તો તમને નહિ જ આવડતું હોય...એ તો આવતા અંકમાં વાંચશો એટલે તમને ખબર પડશે. બાળકો, તમે પણ કંઈક લખી મોકલજો.)

# ત્રણ પ્રશ્નો

બાળકો, તમને તત્ત્વજ્ઞાનનો પ્રેમ જાગે, ને નવું નવું જાણવાનું મળે, તે માટે અહીં ત્રણ પ્રશ્નો આપ્યા છે; ઘણા બાળકો નાના હોવાથી પ્રશ્નો તદ્દન સહેલા પૂછયા છે; તેના જવાબ લખી મોકલજો–સાથે તમારે કાંઈ નવો પ્રશ્નો પૂછવો હોય તો તે પણ લખી મોકલજો.

પ્રશ્ન ( ૧ ) જીવ કોને કહેવાય ?

પ્રશ્ન ( ૨ ) અજીવ કોને કહેવાય ?

પ્રશ્ન ( ૩ ) આપણા પહેલા અને છેલ્લા ભગવાનનું નામ શું ?

આના જવાબ દરેક બાળકે પોતાના હસ્તાક્ષરમાં જ લખવા; ને નીચેના સરનામે મોકલવા. સંપાદક, આત્મધર્મ, જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

* * *

# બાળકોને પત્ર

* તમે ‘બાલવિભાગ’ ના સભ્ય થયા ને ઉત્સાહપૂર્વક ધર્મમાં રસ લઈ રહ્યા છો તે બદલ તમને ધન્યવાદ ! બંધુઓ ! જીવનમાં ધર્મ જેવું ઉત્તમ બીજું કાંઈ નથી.

* તમારા મિત્રોને પણ બાલવિભાગના સભ્ય થવાનું કહેશો. સભ્ય થવા માટે પોસ્ટકાર્ડમાં નામ, સરનામું, ઉંમર, અભ્યાસ અને જન્મદિવસ–એટલું લખી મોકલવું. છાપેલ કાર્ડ ન હોય તો સાદા કાર્ડ પણ ચાલે. ( સંપાદક, આત્મધર્મ, સોનગઢ : સૌરાષ્ટ્ર એ સરનામે મોકલવું )

* તમે જે કાંઈ લખી મોકલો તે તમારા પોતાના હસ્તાક્ષરમાં જ લખી મોકલશો. તમારા અક્ષર સુધારવાનો પ્રયત્ન કરજો.

* અત્યાર સુધીમાં જેટલા બાળમિત્રો આપણા બાલવિભાગના સભ્ય થયા છે, તેમાં બાળમંદિરમાં એકડિયા ભણતા બાળકો પણ છે ને કોલેજમાં ભણતા બાળકો પણ છે; સૌ આનંદથી ભાગ લઈ રહ્યા છે. સભ્યોના નામ આ અંકમાં છાપ્યા છે. તમે હજી સુધી સભ્ય ન થયા હો તો હજી પણ સભ્ય થઈ શકો છો.

* બાલવિભાગમાં દરેક બાળકે નિયમિત ભાગ લેવો, પ્રશ્નોના જવાબ લખવા, અને દરેક વખતે પોતાનો સભ્ય નંબર પણ લખવો.

# અમે બાલવિભાગના સભ્યો

ધર્મબંધુઓ, આપણા બાલવિભાગના બધા સભ્યોનાં નામ આપ્યાં છે; દરેક સભ્યે યાદ રાખવાનું છે કે “ આપણે તો જિનવરનાં સંતાન” છીએ. એટલે આપણું જીવન પણ જિનવરનાં સંતાનને શોભે એવું જોઈએ. જ્ઞાન અને વૈરાગ્યની ભાવનાસહિત તમે બધા સભ્યો એકબીજા ઉપર ભાઈ જેવો પ્રેમ રાખજો. જેવો હવે નવા સભ્ય બનશે તેમનાં નામ આગામી અંકમાં છાપશું. કેટલાક બાળકો પોતાનું સરનામું તથા જન્મદિવસ લખવાનું ભૂલી ગયા છે, તો તેઓ લખી મોકલે. કોઈનું નામ રહી ગયું હોય તો તેઓ પણ જણાવે. તમારા નામની સાથે “જૈન” લખશો તો અમને ગમશે. અહીં છાપેલો તમારો સભ્ય નંબર યાદ રાખી લેજો.

| સભ્ય નંબર | નામ | ગામ | સભ્ય નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧ | નૈના વૃજલાલ જૈન | રાજકોટ | ૧૭ | સતીશ પ્રાણલાલ જૈન | વીંછીયા |
| ૨ | ચંદા વૃજલાલ જૈન | ” | ૧૮ | વિકાસ મણીલાલ જૈન | પોરબંદર |
| ૩ | માયા વૃજલાલ જૈન | ” | ૧૯ | જયાબેન દીપચંદ જૈન | તાલોદ |
| ૪ | સુભાષ વૃજલાલ જૈન | ” | ૨૦ | જયશ્રી પ્રાણલાલ જૈન | (ગામ લખો) |
| ૫ | રાજેશ જયંતિલાલ જૈન | સુરેન્દ્રનગર | ૨૧ | ભુપતરાય છોટાલાલ જૈન | લાઠી |
| ૬ | ભરત ખીમચંદ જૈન | સોનગઢ | ૨૨ | અશ્વિન અનોપચંદ જૈન | ધોળકા |
| ૭ | દીપક મનસુખલાલ જૈન | ” | ૨૩ | અશ્વિન શાંતિલાલ જૈન | ભાવનગર |
| ૮ | પ્રદીપ મનસુખલાલ જૈન | ” | ૨૪ | નિરૂપમા છબીલાલ જૈન | ” |
| ૯ | જ્યોતિ મનસુખલાલ જૈન | ” | ૨૫ | સોનલ દલીચંદ જૈન | ” |
| ૧૦ | ઇન્દ્રવદન રમણલાલ જૈન | ગોધરા | ૨૬ | સતીશ જગજીવન જૈન | ગઢડા |
| ૧૧ | નીલા દામોદરદાસ જૈન | અમદાવાદ | ૨૭ | ભરત પ્રભુદાસ જૈન | ” |
| ૧૨ | તરૂણા દામોદરદાસ જૈન | ” | ૨૮ | સૈલેશ પ્રભુદાસ જૈન | ” |
| ૧૩ | કલ્પના કિશોરચંદ્ર જૈન | રાજકોટ | ૨૯ | રાજેન્દ્ર પ્રભુદાસ જૈન | ” |
| ૧૪ | ભરત જશવંતલાલ જૈન | રાજકોટ | ૩૦ | સંજય ભગવાનદાસ જૈન | ” |
| ૧૫ | લતા મનસુખલાલ જૈન | વઢવાણશહેર | ૩૧ | પ્રવીણ મણિલાલ જૈન | ભાવનગર |
| ૧૬ | નરસિંહદાસ પ્રભુદાસ જૈન | અમદાવાદ | ૩૨ | મહેન્દ્ર ચીમનલાલ જૈન | મુંબઈ–૨ |

| સભ્ય નંબર | નામ | ગામ | સભ્ય નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૩૩ | અજીત ચીમનલાલ જૈન | પાદરા | ૬૨ | દીના કાંતિલાલ જૈન | ચોટીલા |
| ૩૪ | સુધા જયંતિલાલ જૈન | વઢવાણશહેર | ૬૩ | તુષાર કાંતિલાલ જૈન | ” |
| ૩૫ | દિનેશ નેમચંદ જૈન | કાકાભાઈસિંહણ | ૬૪ | મનોજ શાંતિલાલ જૈન | મુંબઈ–૨૨ |
| ૩૬ | બીપીન નગીનદાસ જૈન | અમરાપુરગીર | ૬૫ | નિકેતન રતિલાલ જૈન | અમદાવાદ |
| ૩૭ | પ્રદીપ નગીનદાસ જૈન | ધ્રાફા | ૬૬ | કૈલાસ મથુરાદાસ જૈન | જામનગર |
| ૩૮ | બીપીન નગીનદાસ જૈન | હિંમતનગર | ૬૭ | સુરેશ અમૃતલાલ જૈન | લીંબડી |
| ૩૯ | રજનીકાંત ખીમચંદ જૈન | કાકાભાઈસિંહણ | ૬૮ | તરૂણા અમૃતલાલ જૈન | ” |
| ૪૦ | ભરત સુંદરલાલ જૈન | મોરબી | ૬૯ | દિલીપ જગજીવનદાસ જૈન | ભાવનગર |
| ૪૧ | યરલકુમાર અરવિંદભાઈ જૈન | માંડલ | ૭૦ | ચંદ્રિકા કાંતિલાલ જૈન | મુંબઈ–૫૬ |
| ૪૨ | મીના અનંતરાય જૈન | સોનગઢ | ૭૧ | જિતેન્દ્ર અનંતરાય જૈન | મુંબઈ–૨ |
| ૪૩ | શૈલેષ અનંતરાય જૈન | ” | ૭૨ | પ્રશાંત જયંતિલાલ જૈન | અમદાવાદ |
| ૪૪ | હેમંત અનંતરાય જૈન | ” | ૭૩ | વાસંતી હિંમતલાલ જૈન | સોનગઢ |
| ૪૫ | અવનીશ જગદીશચંદ્ર જૈન | મુંબઈ–૬ | ૭૪ | મૌલિક પૂનચંદ જૈન | થાણા |
| ૪૬ | હર્ષદ મથુરાદાસ જૈન | જોરાવરનગર | ૭૫ | શાંતિલાલ રીખવદાસ જૈન | મુંબઈ |
| ૪૭ | કિરણબાલા કાન્તિલાલ જૈન | મુંબઈ–૩ | ૭૬ | ભરત ચુનીલાલ જૈન | અમરેલી |
| ૪૮ | કામિની કાન્તિલાલ જૈન | અમદાવાદ | ૭૭ | શાન્તકુમાર જૈન | દિલ્હી |
| ૪૯ | ગુણવંત અમૃતલાલ જૈન | ખેડબ્રહ્મા | ૭૮ | યોગિની પ્રભાકર જૈન | અમદાવાદ |
| ૫૦ | લાલચંદ જૈન | ઇંદોર | ૭૯ | શૈલા સી. જૈન | આકોલા |
| ૫૧ | જયકેતન તલકચંદ જૈન | મુડેટી | ૮૦ | નિખીલેશ ચારુચંદ્ર જૈન | અમદાવાદ |
| ૫૨ | અંજના મધુકર જૈન | સોનગઢ | ૮૧ | અજય સુમંતલાલ જૈન | ” |
| ૫૩ | કનૈયાલાલ ચુનીલાલ જૈન | મોડાસા | ૮૨ | રાજેશ બાલચંદ જૈન | સુરેન્દ્રનગર |
| ૫૪ | જસ્મીના છોટાલાલ જૈન | પૂના | ૮૩ | ચેતના છોટાલાલ જૈન | સોનગઢ |
| ૫૫ | મનોજ સાકરલાલ જૈન | ઉજડીયા | ૮૪ | સુમતિ છોટાલાલ જૈન | ” |
| ૫૬ | યોગેશ તારાચંદ જૈન | નવા | ૮૫ | રાજેન્દ્ર કનૈયાલાલ જૈન | કલકત્તા |
| ૫૭ | ભાનુમતિ મીઠાલાલ જૈન | હિંમતનગર | ૮૬ | સુરેશ પ્રાણલાલ જૈન | થાનગઢ |
| ૫૮ | ભરત વિનયકુમાર જૈન | અમદાવાદ–૧૭ | ૮૭ | મહેન્દ્ર ચીમનલાલ જૈન | વઢવાણશહેર |
| ૫૯ | રાજેષ જયંતિલાલ જૈન | સુરેન્દ્રનગર | ૮૮ | વસંત ઝીકુલાલ જૈન | રાજકોટ |
| ૬૦ | દીપક મોહનલાલ જૈન | ચિત્તલ | ૮૯ | હસમુખ નરભેરામ જૈન | ઢસા |
| ૬૧ | મનીષ પ્રવીણચંદ જૈન | ભાવનગર | ૯૦ | નરેન્દ્ર ચત્રભુજ જૈન | અમરાવતી |

| સભ્ય નંબર | નામ | ગામ | સભ્ય નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૯૧ | શૈલા રીખબદાસ જૈન | ધોડનદી | ૧૨૦ | ઉલ્લાસ મનસુખલાલ જૈન | મુંબઈ |
| ૯૨ | કનૈયાલાલ ગોપાલજી જૈન | ધોડનદી | ૧૨૧ | વિનોદ અમૃતલાલ જૈન | પ્રાંતિજ |
| ૯૩ | જયંતિલાલ કાંતિલાલ જૈન | જાદર | ૧૨૨ | દિલીપ વૃજલાલ જૈન | વાંકાનેર |
| ૯૪ | મુકુંદચંદ્ર કાંતિલાલ જૈન | ” | ૧૨૩ | સતીશ વૃજલાલ જૈન | ” |
| ૯૫ | ભાનુબેન ડાહ્યાલાલ જૈન | ” | ૧૨૪ | અશોક ઈશ્વરચંદ જૈન | સનાવદ |
| ૯૬ | શકુન્તલા ડાહ્યાલાલ જૈન | ” | ૧૨૫ | પુષ્પેન્દ્ર મદનલાલ જૈન | ઉદયપુર |
| ૯૭ | કનૈયાલાલ એન. જૈન | ધોડનદી | ૧૨૬ | દિલીપ ડાહ્યાલાલ જૈન | ઈડર |
| ૯૮ | પ્રવીણા જૈન (સરનામું લખો) | અમદાવાદ | ૧૨૭ | ઈંદિરા ડાહ્યાલાલ જૈન | ” |
| ૯૯ | ઉમેશ જૈન ( ”) | ” | ૧૨૮ | નિરંજન શાંતિલાલ જૈન | કલકત્તા |
| ૧૦૦ | દિલીપ જૈન ( ”) | ” | ૧૨૯ | અશ્વિન જયંતિલાલ જૈન | સાન્તાક્રુઝ |
| ૧૦૧ | હસમુખ જૈન ( ”) | ” | ૧૩૦ | જ્યોતિ ચીમનલાલ જૈન | મુંબઈ–૩ |
| ૧૦૨ | પ્રફુલા જૈન ( ”) | ” | ૧૩૧ | ચીનુભાઈ બાલચંદ ” | વિલાપાર્લા |
| ૧૦૩ | કિરણ જૈન ( ”) | ” | ૧૩૧ | ભારતી મનહરલાલ જૈન | બેંગલોર |
| ૧૦૪ | પારસ જૈન (સરનામું લખો) | ” | ૧૩૩ | કુમારી માલતી જૈન | (ક્યું ગામ!) |
| ૧૦૫ | પ્રજ્ઞા ચંપકલાલ જૈન | મુંબઈ–૨ | ૧૩૪ | ભરત બાબુલાલ જૈન | મોટામીયાં માંગરોળ |
| ૧૦૬ | દક્ષા કાંતિલાલ જૈન | મુંબઈ–૬૪ | ૧૩૫ | ભરતેષ ચંદ્રકાંત જૈન | ચેમ્બુર |
| ૧૦૭ | ઉષા કાંતિલાલ જૈન | મુંબઈ–૬૪ | ૧૩૬ | દિનેશ રતિલાલ જૈન | વદરાડ |
| ૧૦૮ | અંશુમાન ચંદ્રકાંત જૈન | મુંબઈ–૬૨ | ૧૩૭ | શાનબાળા વૃજલાલ ” | જલગાંવ |
| ૧૦૯ | ભામાશા ચંદ્રકાંત જૈન | મુંબઈ–૬૨ | ૧૩૮ | મહેશ જેવંતલાલ જૈન | મોરબી |
| ૧૧૦ | કીર્તિકુમાર પ્રીતમલાલ જૈન | ભરૂચ | ૧૩૯ | પ્રકાશ જેવંતલાલ જૈન | ” |
| ૧૧૧ | દિનેશ જેઠાલાલ જૈન | મુંબઈ–૨ | ૧૪૦ | પ્રવીણા જેવંતલાલ જૈન | ” |
| ૧૧૨ | સુધા જગજીવન જૈન | ગઢડા | ૧૪૧ | દિનેશ કેશવલાલ જૈન | અમદાવાદ |
| ૧૧૩ | વર્ષા ભગવાનદાસ જૈન | ” | ૧૪૨ | ઈલા કાંતિલાલ જૈન | વિલાપાર્લા |
| ૧૧૪ | શીલા પ્રભુદાસ જૈન | ” | ૧૪૩ | વનિતા ગુલાબચંદ જૈન | જામનગર |
| ૧૧૫ | નયના ભીખાલાલ જૈન | ” | ૧૪૪ | અકલંક મણિલાલ જૈન | સાબલી |
| ૧૧૬ | વિજય લહેરચંદ જૈન | સાવરકુંડલા | ૧૪૫ | કિશનલાલ રમણિકલાલ જૈન | રાજકોટ |
| ૧૧૭ | દીપક શાંતિલાલ જૈન | દિલ્હી | ૧૪૬ | હર્ષદ પ્રભુદાસ જૈન | સોનગઢ |
| ૧૧૮ | રાજેન્દ્ર શાંતિલાલ જૈન | કલકત્તા | ૧૪૭ | વીણા પ્રભુદાસ જૈન | ” |
| ૧૧૯ | રાજેન્દ્ર ત્રંબકલાલ જૈન | લોણંદ | ૧૪૮ | સુમનબેન ધનસુખલાલ જૈન | રાનકુવા |

| સભ્ય નંબર | નમ | ગામ | સભ્ય નંબર | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૧૪૯ | માનકુંવર અંબાલાલ જૈન | ઉદયપુર | ૧૬૮ | જયેશ પોપટલાલ જૈન | લીંબડી |
| ૧૫૦ | ગિરીશ ચંપકલાલ જૈન | સુરેન્દ્રનગર | ૧૬૯ | લલિત અમુલખભાઈ ” | જોરાવરનગર |
| ૧૫૧ | રાજકુમાર રમેશચંદ જૈન | ઈંદોર | ૧૭૦ | સુરેન્દ્ર નેમચંદ જૈન | સાવરકુંડલા |
| ૧૫૨ | કમલેશ વછરાજ જૈન | રાજકોટ | ૧૭૧ | રાજેન્દ્ર નેમચંદ જૈન | સાવરકુંડલા |
| ૧૫૩ | પવનકુમાર જૈન | સનાવદ | ૧૭૨ | અરૂણ વૃજલાલ જૈન | જામનગર |
| ૧૫૪ | કુમારી બાલા જૈન | ” | ૧૭૩ | ઇન્દ્રવદન કેશવલાલ જૈન | માલાવાડા |
| ૧૫૫ | દીપક ચંદુલાલ જૈન | રાજકોટ | ૧૭૪ | રૂપા ધરમચંદ જૈન | જમશેદપુર |
| ૧૫૬ | પ્રિયવદન ચંદુલાલ જૈન | સોનગઢ | ૧૭૫ | નીલા છબીલદાસ જૈન | રાજકોટ |
| ૧૫૭ | જ્યોતિ ચંદુલાલ જૈન | ” | ૧૭૬ | સોકતભાઈ એસ. વોરા | રાજકોટ |
| ૧૫૮ | સુધીર ચંદુલાલ જૈન | ” | ૧૭૭ | પ્રકાશ સવાઈલાલ જૈન | ઘાટકોપર |
| ૧૫૯ | નિતીન ચંદુલાલ જૈન | ભાવનગર | ૧૭૮ | अरविंद मोहनलाल जैन | કલકત્તા |
| ૧૬૦ | કાર્તિક ચંદુલાલ જૈન | ” | ૧૭૯ | ભરત નાગરદાસ જૈન | ” |
| ૧૬૧ | યોગેશ રમણલાલ જૈન | ” | ૧૮૦ | ચેતના સોમચંદ જૈન | જામનગર |
| ૧૬૨ | સુભાષ જયંતિલાલ જૈન | વલસાડ | ૧૮૧ | મહેન્દ્ર હંસરાજ જૈન | સોનગઢ |
| ૧૬૩ | જમ્બુકુમાર જૈન | કોટા | ૧૮૨ | કીર્તિકુમાર ભોગીલાલ ” | બડોલી |
| ૧૬૪ | શરદ મનમોહનદાસ જૈન | ઘાટકોપર | ૧૮૩ | પદ્માબેન ભોગીલાલ ” | ” |
| ૧૬૫ | મીના ઉમેદરાય જૈન | સોનગઢ | ૧૮૪ | छगनराज इन्दरमल जैन | मद्रास |
| ૧૬૬ | અક્ષય વૃજલાલ જૈન | મુંબઈ–૨૨ | ૧૮૫ | મુકેશ વસંતરાય જૈન | જેતપુર |
| ૧૬૭ | અતુલ ડાહ્યાલાલ | સાબલી | | | |

(જગ્યા ઓછી રોકાય તે હિસાબે બાળકોના ટૂંકા નામો લખેલ છે. કેટલાક બાળકોમાં નામ પાછળથી આવ્યા છે. તે આવતા અંકમાં આપીશું, જે બાળકોએ નામ ન મોકલ્યા હોય તેઓ હજી પણ મોકલી શકે છે.)




પરમપૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજે છે. સવારના પ્રવચનમાં હાલમાં પં. શ્રી દૌલતરામજી રચિત છહ ઢાળા વંચાય છે. બપોરે પરમાત્મપ્રકાશ વંચાય છે. સમયસાર–કલશટીકા ઉપરનાં પ્રવચનો પૂર્ણ થતાં છહઢાળા શરૂ કરેલ છે. કળશટીકા ઉપર કૂલ..૨૮૦ પ્રવચનોદ્વારા અધ્યાત્મરસનું અલૌકિક અમૃત ગુરુદેવે મુમુક્ષુઓને પીવડાવ્યું. આ કળશટીકાનું ગુજરાતી ભાષાંતર પણ ( ૪૪૦૦ પ્રત ) થોડા વખતમાં છપાવી, શરૂ થશે. હિંદીમાં પણ તેની બીજી આવૃત્તિ ( ૩૩૦૦ પ્રત ) થોડા વખતમાં છપાશે.

જામનગરમાં મુરબ્બી શ્રી વીરજીભાઈ ( ૯૬ વર્ષની ઉંમર ) પથારીવશ હોવાથી તેમને ગુરુદેવના દર્શનની ખાસ ઉત્કંઠા જાગી, ને જોગાનુજોગ એ જ દિવસે ગુરુદેવને વીરજીભાઈ સંબંધી સ્વપ્ન આવ્યું; વીરજીભાઈ તરફથી ગુરુદેવને જામનગર પધારી દર્શન દેવાની વિનતિ થતાં ગુરુદેવ ચાર દિવસ જામનગર પધારેલા. ગુરુદેવના દર્શનથી વીરજીભાઈને ઘણી પ્રસન્નતા થઈ. જામનગર તેમજ ચેલાગામના ઘણા ભાઈઓએ ગુરુદેવનો લાભ લીધો. જામનગર જતાં વચ્ચે રાજકોટ મુકામે માનસ્તંભ તથા સમવસરણના દર્શનથી ગુરુદેવે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. પોષ વદ છઠ્ઠે ગુરુદેવ સોનગઢ પધાર્યા.

## બાહુબલી મહામસ્તકાભિષેક..આવતા વર્ષે

શ્રવણબેલગોલા ( મૈસુર પ્રાન્ત ) માં ઇન્દ્રગિરિ પહાડીમાં શ્રી બાહુબલી ભગવાનના અતિ ઉન્નત ધ્યાનમય વીતરાગ પ્રતીમા કોતરેલા છે. અમુક અમુક વર્ષે આ પ્રતિમાજીનો મહા મસ્તકાભિષેક થાય છે; છેલ્લે મહાભિષેક ઈ. સ. ૧૯૫૩ ના માર્ચ માસમાં થયો હતો..તે વખતે દક્ષિણમાં જનારા હજારો યાત્રિકો સોનગઢ પણ આવ્યા હતા, ને સોનગઢમાં માનસ્તંભ–પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી ચાલતી હતી. ત્યાર પછી આ વર્ષે માર્ચ માસમાં બાહુબલી ભગવાનનો મહાઅભિષેક થવાનો હતો, પરંતુ દેશની પરિસ્થિતિ વશ તે અભિષેક આગામી વર્ષ ઉપર મુલતવી રાખેલ છે.

બાહુબલીસ્વામીની પ્રતિમાજી એટલા ઉન્નત છે કે ચાલુ દિવસોમાં નીચે ઊભા ઊભા તેમના ગોઠણ સુધીનો પણ અભિષેક થઈ શકતો નથી. ટચલી આંગળી દસ ઇંચ લાંબી છે ને પગનો અંગૂઠો ચાર ફૂટનો છે. કૂલ ઊંચાઈ ૫૭ ફૂટ છે. પ્રતિમાજીનો મસ્તકાભિષેક

કરવા માટે મોટો મંચ બાંધવો પડે છે ને બીજી ઘણી તૈયારીઓ કરવી પડે છે. ભારતભરમાંથી લાખો યાત્રિકો આ મહાઅભિષેક જોવા આવે છે; તે વખતે તો ભારતનો ઉત્તર છેડો ને દક્ષિણ છેડો–એ બંને છેડા યાત્રિકોની હારમાળાથી જોડાઈ જાય છે.

આજથી લગભગ ૬૦૦ વર્ષ પહેલાં (ઈ. સન ૧૩૯૮માં) આ બાહુબલી ભગવાનનો મહામસ્તકાભિષેક થવાનો શિલાલેખમાં ઉલ્લેખ છે ને ત્યાર પહેલાં એવા સાત મહા અભિષેક થઈ ગયેલા. ત્યાર પછી બીજા ૧૩ મહાઅભિષેક ઈ. સ. ૧૯૫૩ સુધીમાં થયા. આ અભિષેકોમાં મેસુર નરેશ પણ ભક્તિપૂર્વક ઉપસ્થિત રહે છે.

ઈ. સન. ૧૯૪૦ના મહા મસ્તકઅભિષેક વખતે ૧૦૦૮ કળશ નીચે મુજબ હતાઃ–

૫૧ સુવર્ણ કલશ. ૩૦૦ રજત કલશ. ૩૦૦ જર્મન સીલ્વર ૩૫૭ પીતળના કળશ

પ્રથમ સુવર્ણ કળશ ફલટના શેઠ કેવલચંદ ઉગરચંદજીએ રૂા. ૮૦૦૧) માં લીધો હતો; સર શેઠ હુકમીચંદજી (ઈન્દોર) ના ભાગે સાતમો કળશ રૂા. ૨૧૦૦ ની બોલીમાં આવ્યો હતો.

૧૧૦૦રૂા. માં કળશની બોલી બોલનારા ૧૩ મહાનુભાવોમાં એક કલકત્તાના તુલારામજી નથમલજી પણ હતા. કળશની ઉછામણીમાં કૂલ આવક રૂા. ૭૭૧૯૩ થયા હતા. (પચીસ વર્ષ પહેલાનાં જમાનામાં) અને લગભગ પાંચ લાખ જેટલા યાત્રિકોએ તે વખતે લાભ લીધો હતો. જવાહરલાલ નહેરુ અને અનેક અંગ્રજોએ પણ આ પ્રતિમાની અદ્‌ભુતતા દેખીને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. ગુરુદેવે સંઘસહિત બે વખત યાત્રા કરી છે. બીજી ઘણી ઘણી આનંદકારી માહિતી કોઈવાર પ્રગટ કરીશું.

## ભગવાન મહાવીરનો અઢીહજારમો નિર્વાણ ઉત્સવ

આજથી ૨૪૯૨ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રમાં અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર પરમાત્મા વિચરી રહ્યા હતા ને દિવ્યધ્વનિવડે ભવ્ય જીવોને મોક્ષમાર્ગ દેખાડતા હતા..ભવ્યજીવોને મોક્ષમાર્ગ દેખાડીને પ્રભુજી પાવાપુરીથી મોક્ષ પધાર્યા..એને અત્યારે ૨૪૯૨ વર્ષ થયા..આઠ વર્ષ પછી એને અઢી હજાર (૨૫૦૦) વર્ષ થશે. પ્રભુએ બતાવેલા મોક્ષમાર્ગનો મંગલ પ્રવાહ સંતજનોની પરંપરાથી અત્યારે પણ આ ભરતક્ષેત્રમાં વહી રહ્યો છે ને ઠેઠ પંચમકાળના અંતસુધી (એટલે કે હજી ૧૮૫૦૦ વર્ષ સુધી) એ માર્ગ ચાલ્યા કરશે. આવા મોક્ષમાર્ગપ્રદર્શક પ્રભુના મોક્ષનો દિવસ દીપાવલી તરીકે ઉજવીને ભારતના જૈનો તેમને યાદ તો કરે જ છે. , પરંતુ આઠ વર્ષ પછી જ્યારે ૨૫૦૦ (અઢીહજાર) મો નિર્વાણદિવસ આવશે ત્યારે તે ભારતનો એક અપૂર્વ મહોત્સવ હશે...ભારતના ખુણેખુણે ત્યારે મહાવીરના નાદ ગૂંજતા હશે. એ મહાન પ્રસંગ માટે

અત્યારથી જૈનસમાજ જાગૃત બન્યો છે...આપણે પણ 'જાગૃત' બનીએ ને પ્રભુએ જે પંથ બતાવ્યો તે પંથે ઝડપી પ્રયાણ કરીને આઠ વર્ષમાં તો જેટલા બને તેટલા મહાવીર ભગવાનની વધુમાં વધુ નજીક પહોંચી જોઈએ. (–સં.)

## તીર્થની સ્થાપના

ઉદયપુરમાં તીર્થરાજ શ્રી સમ્મેદશિખરજીની પ્રતિમૂર્તિ કરાવીને, તા. ૫–૧૨–૬૫ ના રોજ તેની વેદીપ્રતિષ્ઠા કરવામાં આવી છે.

ગતવર્ષના (સં. ૨૦૨૧) ના કારતક માસના "આત્મધર્મ" ના અંકો (અંક નં. ૨૫૩) ની લગભગ પચાસ નકલની આત્મધર્મ કાર્યાલયને જરૂર છે; તો જેઓ ફાઈલ ન કરતા હોય ને તે અંક આપી શકે તેમ હોય તેઓ આત્મધર્મ કાર્યાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) એ સરનામે તે અંક મોકલી આપે એવી વિનતિ છે. તેના બદલામાં તેમને સીમંધરભગવાનનો એક નાનો ફોટો મોકલવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર

(નોંધઃ જે સમાચારો સંપાદનવિભાગમાં લેખિત મળ્યા હોય તેને જ આ વિભાગમાં સ્થાન અપાય છે. મૌખિકવાતને કે મોડા મળેલા સમાચારને સ્થાન અપાતું નથી.)

* ફતેપુરના ભાઈશ્રી અમૃતલાલ લલ્લુભાઈ શાહ તા. ૧૬–૧૨–૬૫ ના રોજ ૪૫ વર્ષની ઉમરે જીપના અકસ્માતમાં સ્વર્ગવાસ પામી ગયા; તેઓ સોનગઢ શિક્ષણવર્ગમાં આવેલ હતા.
* શ્રી અગરસીંગ શીવુજી રાઠોડ (સુરેન્દ્રનગર) તેઓ ગત માસમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ કોન્ટ્રાકટર હતા ને જામનગરનું ભવ્ય જિનાલય બાંધવામાં તેમણે ઉત્સાહથી ભાગ લીધો હતો...
* ઘાટકોપરના ભાઈશ્રી ગુલાબચંદ ભગવાનજી મેઘાણીના માતુશ્રી શીવબેન તા. ૧૦–૧૨–૬૫ ના રોજ ૭૫ વર્ષની વયે સ્વર્ગવાસ પામી ગયા, તેઓ ગતવર્ષ રાજકોટ પ્રતિષ્ઠા મહોત્સવમાં તથા સોનગઢ પણ આવેલા.
* ગઢડાના ભાઈશ્રી લાલચંદ ગોવિંદજી અજમેરા તા. ૧૬–૧૨–૬૫ ના રોજ સ્વર્ગવાસ પામ્યા. (બ્ર. ગુલાબચંદભાઈના તેઓ કુંટુંબી થાય)
* સ્વર્ગસ્થ આત્માઓ ધર્મસંસ્કારવડે આત્મહિત પામો–એમ ઈચ્છીએ છીએ; અને ભાવના ભાવીએ છીએ કે આ ક્ષણભંગુર જીવનની અત્યંત કિંમતી પળો સત્સંગમાં આત્મહિત માટે જ વીતો.

**વિદ્યુત લક્ષ્મી, પ્રભુતા પતંગ, આયુષ્ય તે તો જલના તરંગ;**
**પુરંદરી-ચાપ અનંગ-રંગ શું રાચિયે જ્યાં ક્ષણનો પ્રસંગ !**



**રાજા રાણા છત્રપતિ હાથિનકે અસવાર,**
**સબકો મરના એકદિન અપની અપની બાર.**

---

**શાસ્ત્રીજીના ઉદ્‌ગારઃ** "जो मार्ग जो रास्ता अहिंसा और शांतिका, चरित्रका, नैतिकताका आप दिखाते है उस पर यदि हम चलेंगे तो उसमें हमारा भी भला होगा, समाजका भी होगा व देशका भी होगा।"

**( મુંબઈ તા. ૧૪-૫-૬૪ )**

## પ્રા...સં...ગિ...ક ( સંપાદકીય ) "जगदस्थिरम्"

તા. ૧૧ ને મંગળવારનો દિવસ...ત્યારે તો આખો ભારત દેશ જાણે વૈરાગ્યના વાતાવરણથી છવાઈ ગયો હતો. લોકોને ક્યાંય ચેન પડતું ન હતું...સર્વત્ર ઉદાસ–ઉદાસ વાતાવરણ વડે સંસાર પોતાની અસારતાને પ્રસિદ્ધ કરતો હતો. આપણા ભારતદેશના વડા પ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીનો એકાએક દેહાંત થઈ ગયો !–ભારતમાં નહિ પણ રશિયાના તાશ્કંદ શહેરમાં; એકલા નહિ પણ મોટા મોટા નવ દાકતરોની વચ્ચે ! એમના દેહાંતના સમાચારથી દેશ અને દુનિયા ખળભળી ઊઠયા. ઉત્તમકાળ હોત તો આ પ્રસંગે અસાર સંસારથી વિરકત થઈને કેટલાય જીવો મુનિપણાના માર્ગે સિધાવ્યા હોત !

વીતરાગી સન્તોએ સર્વ પ્રસંગે ઉપયોગી વૈરાગ્યનો એક ટૂંકાક્ષરી મહામંત્ર આપ્યો છે કે जगदस्थिरम्–જગત અસ્થિર છે. આ ટૂંકો મંત્ર આખા જગત પ્રત્યે કેવી ઉદાસીનતા કરાવે છે ! આખુંયે જગત જ્યાં અસ્થિર છે, પરિવર્તનશીલ છે ત્યાં કોનો તું શોચ કરીશ ? અસ્થિરતા ઉપર પગ માંડીને તું ક્યાં ઊભો રહીશ ! સંતો કહે છે–ભાઈ, આવા અસ્થિર જગત પ્રત્યે તું વિરક્ત થા..વિરક્ત થા....ને અંતરમાં ધ્રુવપણે પ્રાપ્ત એવા કોઈક તત્ત્વને દેખ.

આપણા સમાજને શાસ્ત્રીજીનો વિશેષ પરિચય મુંબઈમાં ઈ. સ. ૧૯૬૪ ના મે માસની ૧૪ મી તારીખે થયો...કે જ્યારે અભિનંદન ગ્રંથ અર્પણ કરવા માટે આવવાનું પોતે આપેલું વચન પાળવા તેઓ છેક છેલ્લી ઘડીએ સભામાં એકાએક ઉપસ્થિત થયા..એમની આર્યવૃત્તિ, સૌજન્ય, સ્વતંત્ર વિચારધારા અને ગમે તે પરિસ્થિતિમાં પોતાના વિચારને અમલમાં મુકવાની દ્રઢતા–એ બધાનો પરિચય એ વખતેય તેમના ભાષણમાં દેખાતો હતો...અહિંસાના પણ તેઓ પ્રશંસક હતા; દેશોદેશ વચ્ચે લડાઈ ન થાય ને શાન્ત વાતાવરણ સર્જાય તેના તેઓ ખૂબ જ હિમાયતી હતા, તે માટે જ તેઓ રશિયા ગયેલા ને પોતાનો પ્રયાસ પૂરો કર્યા બાદ થોડા જ કલાકોમાં તેમનો દેહાંત થઈ ગયો. એટલી ઝડપથી આ બધું બની ગયું કે સામાન્ય જનતા સૂનમૂન બની ગઈ. કાળચક્રે ઝડપથી દોડીને જાણે શાસ્ત્રીજીને ઝડપી લીધા..પરંતુ જ્યાં જગત અસ્થિર છે ત્યાં વૈરાગ્ય સિવાય બીજો શો ઉપાય ? અનિત્યતાના આવા ઝડપી બનાવો તે આપણને ઢંઢોળે છે કે અરે જીવ ! જેટલી ઝડપથી કાળ વીત્યો જાય છે તેના કરતાં વધુ ઝડપથી તું તારું આત્મહિત સાધી લે; સમયની રાહ જોઈને અટક નહિ.

---

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ– અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર